

## ફેબ્રુઆરી-દિન વિશેષ

## ગુજરાતી વેણીભાઇ પુરોહિત



ગુજરાતી કવિ અને વાર્તાકારવેણીભાઈ જમનાદાસપુરોહિતનો જન્મ તા. ૧/૨/૧૯૧૬ના દિવસે જામખંભાળિયામાં થયો હતો.તેમણે પ્રાથમિક શિક્ષણ મુંબઈમાં, માધ્યમિક શિક્ષણજામખંભાળિયામાં લીધું. ઈ.સ. ૧૯૩૯ થી ૧૯૪૨ સુધીઅમદાવાદમાં 'પ્રભાત' દૈનિકમાં ત્યારપછી 'ભારતી સાહિત્ય સંઘ' અને 'સસ્તું સાહિત્ય'માંપ્રુફરીડિંગ તરીકેની કામગીરી કરી. ઈ.સ. ૧૯૪૨ ની લડતમાં દસ માસ જેલવાસ પણ ભોગવ્યો હતો. ઈ.સ.૧૯૪૪ થી ૧૯૪૯ સુધી 'પ્રજાબંધુ' અને 'ગુજરાત સમાચાર'માં પત્રકાર તરીકે સેવા આપી. ઈ.સ. ૧૯૪૯થી જીવનના અંત સુધી મુંબઈમાં 'જન્મભૂમિ' દૈનિકમાં કામગીરી કરી. 'સંત ખુરશીદાસ' નાં ઉપનામથી સાહિત્યસર્જન કર્યું છે.એમણે 'સિંજારવ', 'ગુલઝારે શાયરી', 'દીપ્તિ' અને 'આચમન' કાવ્યસંગ્રહોની રચના કરી. માત્રા મેળ દેશીઓ, સંસ્કૃતવૃત્તો ને અછાંદસમાં પણ એમણે રચનાઓ કરી છે. એમની કવિતાઓમાં ગીતો અનેભજનો છે. 'નાનકડી નારનો મેળો', 'ઝરમર', 'અમારા મનમાં', 'પરોઢિયાનીપદમણી' વગેરે નોંધપાત્ર ગીતો છે. 'નયણાં', 'અમલકટોરી', 'હેલી', 'વિસામો', 'સુખડ અને બાવળ' વગેરે ઉત્તમ ભજનો છે. પ્રણય, પ્રભુ,દેશભક્તિ, પ્રકૃતિ અને તત્કાલીન ઘટનાઓ તેમના કાવ્યના વિષયો છે. 'અખાભગત'ના ઉપનામથી એમણે 'જન્મભૂમિ'માંકટાક્ષ-કટાર ચલાવી હતી. 'કાવ્યપ્રયાગ' માં પ્રાચીન-અદ્યતન કાવ્યોનો આસ્વાદ છે. એમણે 'અત્તરના દીવા', 'વાંસનું વન', 'સેતુ' નામના વાર્તાસંગ્રહો પણ આપ્યાં છે.તેમનું ઉપનામ ' સંત ખુરશીદાસ' હતું. ત્રીજી જાન્યુઆરી ૧૯૮૦નાં દિવસે મુંબઈમાં અવસાન થયું.

## મનોવૈજ્ઞાનિક હેવલોક એલીસ



વિશ્વ પ્રસિદ્ધ મનોવિજ્ઞાની અને ક્રાંતિકારી પુસ્તકના લેખક હેવલોક એલીસ નો જન્મ ૨જી ફેબ્રુઆરી ૧૮૫૯નાના રોજ બ્રિટનના એક પરામાં થયો હતો. ટેનમાં પિતા એક દરીયાખેડું હતા. તેમનું પરિવાર ક્ષય રોગથી પીડાતા હતા. તેથી ડૉ. હેવલોક એલિસ ઓસ્ટેલિયા જતા રહ્યા. ન્યૂ સાઉથ વેલ્સમાં શિક્ષક તરીકે નોકરી સ્વીકારી. ડૉ. હેવલોક એલિસ પ્રકૃતિ પ્રેમી હતા. તેથી તેમના કાવ્યોમાં પ્રકૃતિને અનુલક્ષી નિરૂપણ જોવા મળે છે. તેમણે સોનેટ લખ્યા હતા. થોડોક સમી ઓસ્ટેલિયા રહી ઇંગ્લેન્ડ જી ગાયનેકનો અભ્યાસ કર્યો. તબીબી પ્રેક્ટીસ દરમ્યાન જાતીય મનો વિશ્લેષણના અનેક કેસો મળ્યા હતા.

ડૉ. હેવલોક એલિસ ' ધ ન્યૂ સ્પીરીટ ' નામનું પુસ્તક પ્રગટ કર્યું અને ઈ.સ.૧૮૯૮ના સમકાલીન વિજ્ઞાન આધારિત પુસ્તક શ્રેણીનું સંપાદનની કામગીરી પણ કરી હતી. આ ઉપરાંત ' સ્ટડીઝ ઇન સાઈકોલોજી ઓફ સેક્સ ' ક્રાંતિકારી પુસ્તક લખ્યું. આ પુસ્તક પ્રગટ કરવામાં અનેક મુશ્કેલીઓ આવી હતી. ઈ.સ. ૧૮૯૧માં મિસ એડીથલીઝ નામની લેખિકા સાથે લગ્ન કરી લીધા.જાતીય વિજ્ઞાનનું અનખેદ ક્ષેત્ર ખેડનાર એલિસને ઇંગ્લેન્ડની પ્રજા સહન ન કરી શકી તેની સામે ખૂબ જ વિરોધ થયો પરંતુ એલીસ પોતાના વિચારો


સામે અડગ રહી અને પોતાના વિચારોની કોઈપણ બાંધછોડ ન કરી. ડૉ. હેવલોક એલિસ ૮મી જુલાઈ ૧૯૩૯ના રોજ તેમનું અવસાન થયું હતું.

## ગુજરાતી કવિ ચંદ્રકાન્ત શેઠ



ગુજરાતી કવિ, નિબંધકાર અને વિવેચકચંદ્રકાન્ત ત્રિકમલાલ શેઠનોજન્મ તા. ૩/૨/૧૯૩૮ના રોજ કાલોલ (જિ. પંચમહાલ)માં થયો હતો. તેમનું મૂળ વતનઠાસરા (જિ. ખેડા) હતું. ઈ.સ.૧૯૫૯માં ગુજરાત યુનિવર્સિટીમાંથીગુજરાતી-સંસ્કૃત વિષયો સાથે બી.એ. અને ઈ.સ. ૧૯૬૧માં એમ.એ. પાસ કર્યું. ઈ.સ.૧૯૭૯માં 'ઉમાશંકર જોશી-સર્જક અનેવિવેચક' વિષય પર ગૂજરાત વિદ્યાપીઠમાં વિદ્યાવાચસ્પતિની ઉપાધિ મેળવી હતી. ઈ.સ.૧૯૬૧-૬૨માં સૅન્ટઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં ખંડસમયના અધ્યાપક તરીકે સેવા આપી. ત્યારપછી કપડવંજ કૉલેજમાં, ગૂજરાત વિદ્યાપીઠમાં, ભક્ત વલ્લભ ધોળા કૉલેજમાં જુદી જુદી જગ્યાએ અધ્યાપક તરીકે કામગીરી કરી. ઈ.સ.૧૯૭૯થી ૧૯૮૪ સુધી ગુજરાતીસાહિત્ય પરિષદ સંચાલિત. ક. લા. સ્વાધ્યાયમંદિરમાં નિયામકપદે રહ્યા હતા. તેમણે 'આર્યપુત્ર', 'નંદ સામવેદી', 'બાલચંદ્ર' જેવા ઉપનામોથી સાહિત્ય ખેડાણ કર્યું છે.તેમણે 'પવન રૂપેરી', 'ઊઘડતી દીવાલો' કાવ્યસંગ્રહો આપ્યા છે. તો 'ચાંદલિયાની ગાડી' ,'પ્રૌઢશિક્ષણ ગીતમાળા' ગીતોના સંગ્રહો છે. 'પડઘાની પેલે પાર' કાવ્યસંગ્રહમાંઆત્મશોધકનું ઉક્તિવૈચિત્ર્યછે.'નંદ સામવેદી' માં લલિતનિબંધછે.'ધૂળમાંથી પગલીઓ' ના પ્રસંગોની કથા આત્મચરિત્ર અને લલિતનિબંધ છે.તેમના આ પુસ્તકને ઈ.સ. ૧૯૮૬માં સાહિત્યત અકાદમી દ્વારા પારિતોષિક એનાયત થયેલ છે. તથા ઈ.સ. ૧૯૮૪માં 'ઉમા સ્નેહરશ્મિ એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. ઈ.સ. ૧૯૮૫માં રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત થયેલ છે. 'ચહેરાભીતર ચહેરા' ચરિત્રલક્ષી નિબંધો છે.'હેત અને હળવાશ'માંવિનોદરસિકલેખોછે. 'કાવ્યપ્રત્યક્ષ' , 'અર્થાન્તર' તેમનો વિવેચનગ્રંથછે.ગુજરાતી ગ્રંથકાર શ્રેણીની 'રામનારાયણ વિ. પાઠક' પુસ્તિકામાં સર્જકના વાડમયપુરુષાર્થની તપાસ છે. 'આયનીનું સ્વરૂપ' નાની પરિચયપુસ્તિકા છે.'ગુજરાતીમાં વિરામચિહ્નો' (મોહનભાઈ પટેલ સાથે, ગુજરાતીવિરામચિહ્નો વિશે શાસ્ત્રીય દ્રષ્ટિથી સર્વગ્રાહી ચર્ચા કરતું ગુજરાતીમાં પ્રથમપુસ્તક છે.

## બિરજુ મહારાજ




ભારતીય નૃત્યશૈલીને વિશ્વના પ્રખ્યાત કરનાર બિરજુ મહારાજનો જન્મ ચોથી ફેબ્રુઆરી ૧૯૩૭ના રોજ ઉત્તરપ્રદેશના હંડિયા ખાતે કાલકા- બિંદાદીન ઘરાનામાં થયો હતો. બિરજુ મહારાજનું મૂળ નામ બ્રિજમોહનનાથ મિશ્રા હતું. તેમના પિતાનું નામ જગન્નાથ મહારાજ હતું જે લખનઉ ઘરાનામાંથી હતા અને અચ્છન મહારાજ તરીકે ઓળખાતા હતા. ત્રણ વર્ષની વયે કાકા લચ્છુ મહારાજ ને બિરજુમાં રહેલી પ્રતિભા દેખાઈ હતી, આથી બાળપણથી જ તેમના પુત્રને કલાની દીક્ષા દેવાની શરૂઆત કરી દીધી. જ્યારે

બિરજુ નવ વર્ષની હતી ત્યારે જ તેમના પિતાનું અવસાન થયું. એ પછી તેમના કાકાઓ સુપ્રસિદ્ધ આચાર્યો શંભુ અને લચ્છુ મહારાજે તેમણે પ્રશિક્ષિત કર્યા હતા. બાળપણમાં મળેલી સંગીત અને નૃત્યની શિક્ષાના દમ પર બિરજુ મહારાજે વિવિધ પ્રકારની નૃત્યશાઈલો જેવી કે ગોવર્ધન લીલા, માખણચોરી,માલતી-માધવ, કુમાર સંભાવ અને ફાગ બહાર વગેરેની રચના કરી હતી. સત્યજીત રોયની ફિલ્મ ' શતરંજ કે ખેલાડી' માટે તેમણે ઉચ્ચ કોટીની બેનૃત્યનાટિકાઓ રચી હતી. બિરજુ મહારાજને નૃત્યની સાથોસાથ તાલવાદ્યોની પણ સમાજ હતી જેમ કે તબલાં, પખવાજ,ઢોલક, નાલ અને તારવાદ્ય , વાયોલિન,સિતાર વગેરે સૂરોનું ઊંડું જ્ઞાન હતું.

બિરજુ મહારાજે પોતાની કથક અને ભારતીય લલિતકલાની સંસ્થા શરૂ કરી. 13 વર્ષની વયે દિલ્હીના સંગીત ભારતીમાં નૃત્યની શિક્ષા આપવાનું શરૂ કર્યું હતું. ત્યારપછી ભારતીય કલા કેન્દ્રમાં શીખવાનું શરૂ કર્યું. દિલ્લી કથ્થક કેંદ્રના પ્રભારી પણ રહ્યા હતા. બિરજુ મહારાજને ૧૯૮૬માં પદ્મવિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સંગીત નાટક અકાદમી પુરસ્કાર તથા કાલિદાસ સન્માન મુખ્ય હતા. કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલય (બનારસ હિન્દુ યુનિવર્સિટી(વારાણસી) અને ખેરાગઢ વિશ્વ વિદ્યાલયમાંથી ડોક્ટરેટની ઉપાધિ પણ પ્રાપ્ત થઈ હતી.૧૯૯૭માં 'દિલ તો પાગલ હૈ', ૨૦૦૧માં ' ગદર એક પ્રેમકથા' અને ૨૦૦૨માં ' દેવદાસ' ફિલ્મોની ફિલ્મોગ્રાફી કરી હતી. વર્ષ ૨૦૦૨માં લતા મંગેશકર પુરસ્કાર એનાયત કરવામાં આવેલ હતો. ૧૭ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ હાર્ટએટેક આવવાથી નવી દિલ્લીમાં અવસાન થયું.


## ગુજરાતી નવલકથાકાર રઘુવીર ચૌધરી



ગુજરાતી કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર અને વિવેચક રઘુવીર દલસિંહ ચૌધરીનો જન્મ તા. ૫/૨/૧૯૩૮ના રોજ બાપુપુરામાં થયો હતો. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ માણસામાં મેળવ્યું હતું. ઈ.સ.૧૯૬૦ માં હિંદી વિષય સાથે બી.એ. માં પ્રથમ વર્ગમાં પ્રથમમાં પાસ કરી. અધ્યાપનકાર્યની શરૂઆત કરી.ઈ.સ.૧૯૬૨ માં એમ.એ. અને ઈ.સ.૧૯૭૯ માં હિંદી-ગુજરાતી ધાતુકોશ વિષય પર પીએચ.ડી. થયા. બી.ડી. આર્ટ્સ કૉલેજ, ગૂજરાત વિદ્યાપીઠ અને હ.કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં લાંબો સમય અધ્યાપન કામગીરી કરી. ઈ.સ.૧૯૭૭ થી ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્યભવનમાં હિંદીના અધ્યાપક રહ્યા. તેમણે ' લોકાયતસૂરિ', 'વૈશાખનંદન' ઉપનામથી સાહિત્ય સર્જન કર્યું છે. આ લેખક નવલકથાકાર તરીકે સવિશેષ પ્રતિષ્ઠિત છે. એમની પહેલી નવલકથા 'પૂર્વરાગ' છે. જેને એમણે સમયાંતરે 'પરસ્પર' અને 'પ્રેમઅંશ' રૂપે આગળ ચલાવી છે.એમની બીજી નવલકથા 'અમૃતા' સીમાચિહ્નરૂપ લેખાયેલી છે. આ નવલકથા રઘુવીર ચૌધરીની પાત્રપ્રધાન કીર્તિદા નવલકથા છે. ત્રણ સર્ગો અને અઢાર પ્રકરણોમાં વિસ્તરેલી આ કથામાં ત્રણ પાત્રો છેઃ ઉદયન, અમૃતા અને અનિકેત.આ ઉપરાંત તેમણે 'આવરણ' અને 'શ્રાવણ રાતે' તથા લઘુનવલો 'તેડાગર' અને 'બાકી જિંદગી' નવલકથાઓ આપી છે. 'વેણુવત્સલા' તથ્યમૂલક મનોવૈજ્ઞાનિક નવલકથા છે.'એકલવ્ય' અને ગ્રામસમાજના પ્રપંચોનું નિરૂપણ કરતી 'પંચપુરાણ' નવલકથાઓમાં આ તત્વો મુખ્ય

ઓજાર તરીકે વપરાયાં છે.‘વચલું ફળિયું’ પણ ગ્રામસમાજની નવલકથા છે.‘ઉપરવાસ’ ‘સહવાસ’ - ‘અંતરવાસ’ બૃહત્કથામાં સ્વાતંત્ર્ય પછીની પચીશીમાં સામાજિક, આર્થિક, રાજકીય પરિવેશ સાથે ગ્રામસમાજમાં થયેલા-થતા પરિવર્તનનું પાત્રોનાં સંવેદનોના સંદર્ભમાં આલેખન થયેલું છે. તેમની ‘લાગણી’ લઘુનવલ છે. તેમની ઐતિહાસિક નવલકથા ‘રુદ્ર-મહાલય’, વિશિષ્ટ સામાજિક નવલકથા ‘કંડકટર’ અને ત્યાર પછી ‘ગોકુળ’, ‘મથુરા’,‘દ્વારકા’ ,‘મનોરથ’, ‘ઈચ્છાવર’, ‘અંતર’ અને ‘લાવણ્ય’ નવલકથાઓ પણ એમણે લખી છે.‘આકસ્મિક સ્પર્શ’, ‘ગેરસમજ’, ‘બહાર કોઈ છે’, ‘નંદીઘર’ અને ‘અતિથિગૃહ’ એમના વાર્તાસંગ્રહો છે. ‘બહાર કોઈ છે’ અને ‘નંદીઘર’ માંથી કેટલીક વાર્તાઓ ચૂંટીને ‘ગેરસમજ’ નામે સંકલિત આવૃત્તિ પ્રગટ થયેલી છે. એમના ‘તમસા’ અને ‘વહેતાં વૃક્ષ પવનમાં’ કાવ્યસંગ્રહોમાં છાંદસ-અછાંદસ, ગીતગઝલ સ્વરૂપની રચનાઓ છે. ‘અશોકવન’ અને ‘ઝૂલતા મિનારા’ તથા ‘સિકંદરસાની’ જેવાં નાટકો તેમ જ ‘ડિમલાઈટ’ તથા ‘ત્રીજો પુરુષ’ જેવા એકાંકીસંગ્રહો પણ એમની પાસેથી મળ્યાં છે. ‘સહરાની ભવ્યતા’ એમણે આલેખેલાં સારસ્વતોનાં લાક્ષણિક રેખાચિત્રોનો સંચય છે.એમના ‘અદ્યતન કવિતા’, ‘વાર્તાવિશેષ’ છે.ઈ.સ.૧૯૬૫માં કુમારચંદ્રક, ઈ.સ.૧૯૭૫ માં રણજિતરામ સુવર્ણચંદ્રક અને ઈ.સ.૧૯૭૭ માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર તેમ જ ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક એનાયત થયેલ છે.ઈ.સ.૨૦૧૫માં ગુજરાતી સાહિત્યનો જ્ઞાનપીઠ એવોર્ડ તેમની નવલકથા ‘ અમૃતા’ એનાયત થયેલ છે.

## મહાન ગીતકાર કવિ પ્રદીપ




રાષ્ટ્રીય પ્રેમ, સામાજિક તેમ જ ધાર્મિક ચેતના ફેલાવનાર મહાન ગીતકાર કવિ પ્રદીપનો જન્મ તા.૬ફેબ્રુઆરી ૧૯૧૫ ના રોજ મધ્યપ્રદેશના બડનગરમાં થયો હતો.બચપણ અત્યંત ગરીબાઈમાં પસાર થયું અનેક મુશ્કેલીઓના સામનો કરવો પડ્યો હતો. પંડિત પ્રદીપજીનું મૂળ નામ રામચંદ્ર દ્વિવેદી હતું. ગરીબાઈને કારણે પૂરતું શિક્ષણ પણ મેળવી શક્યા ન હતા. મા સરસ્વતીની દર્દભરી યાચના કરી અને તેમની પ્રાર્થના કદાચ દેવી સરસ્વતી સાંભળીને તેઓ એક સારા ગીતકાર થયા. તેમણે પોતાની પ્રથમ ફિલ્મ ‘ કંગન’ માં સંગીતકાર તરીકે કામગીરી કરી. ત્યારપછી ‘ બંધન’, ‘ ચલ ચલ રે ચલ નૌજવાન ... ગીતની રચના કરી. જે આજેય લોકપ્રિય છે. ‘ ઝૂલાં . , ‘ નયા સંસાર’, ‘ અનશન’ અને પુન:મિલન’ ફિલ્મના ગીત પ્રદીપજીએ લખ્યા હતા.

કવિ પ્રદીપજી ઈ.સ.૧૯૪૩માં ‘ કિસ્મત’ ફિલ્મમાં પોતાની કલમ વડે આઝાદીના લડવૈયાઓને નવું જોમ પૂરૂં પાડ્યું હતું. ‘ આજ હિમાલય કિ ચોટી સે ફિર હમને લલકારા હૈ....’ આ ફિલ્મ કલકત્તામાં સાડા ત્રણ વર્ષ સળંગ ચાલી હતી. ઈ.સ.૧૯૫૪માં ‘ નાસ્તિક ‘ ફિલ્મમાં ‘ દેખ તેરે સંસાર કિ હાલત ક્યા હોઈ ભગવાન...’ ની ધૂન પ્રદીપ્જીએ જાતે કરી મહાત્મા ગાંધીના મહિમા આધારિત તેમણે “ દે દી હમે આઝાદી બીના ખડગ બીના ઢાલ...” તેમાં તેમણે ગાંધીજીના અહિંસક ચરિત્રને રજૂ કર્યું છે. ઈ.સ.

૧૯૬૨માં ભરત ચીન યુધ્ધના સમયે જવાનોને પ્રોત્સાહન આપવા તેમણે " એ મેરે વતન કે લોગો...." જેને લતાજીએ પોતાના અનેરા કાંઠે સજાવ્યું છે.

મહાન ગીતકાર અને ચારિત્ર્યવાન રાષ્ટ્રીય, સામાજિક અને ધાર્મિક ચેતનાનો સંચાર કરનાર પ્રદીપજીને ઈ.સ. ૧૯૬૧માં સંગીત નાટ્ય અકાદમીના શ્રેષ્ઠ ગીતકારનો પુરસ્કાર એનાયત થયો હતો. પ્રદીપજીના જીવનની દુ:ખોએ તેમની કલમને ત્રીવ બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. દાદાસાહેબ ફાલકે એવોર્ડ મેળવનાર પ્રદીપજી ૧૧ ડીસેમ્બર ૧૯૯૮ના રોજ આ અમૃતમય દીપક બુઝાઈ ગયો.

## પંડિત સુખલાલજી




માત્ર સોળ વર્ષની નાની વયે પોતાના ચક્ષુ ગુમાવી દેનાર છતાં દિવ્યચક્ષુ વડે તત્વજ્ઞાની પંડિત સુખલાલજી સંઘજી કેવળ ગુજરાતના નહી પણ સમગ્ર ભારતના એક મહાન સારસ્વત હતા. શીતળાના રોગને કારણે કિશોરવયમાં જ અંધ બનેલા પં. સુખલાલજીનો જન્મ તા. ૮મી ફેબ્રુઆરી ૧૮૮૦ના રોજ વઢવાણ પાસે આવેલ લીબડી નામના ગામમાં થયો હતો. સત્તર વર્ષની વયે અંધત્વ આવ્યું તે પહેલાં થોડુક ભણતર પ્રાપ્ત કરેલું. ત્યારપછી તે ગામમાં જૈન સાધુઓ પાસે આદિનો અને જૈન ધર્મ શાસ્ત્રીઓ અભ્યાસ કરેલો. કાશીમાં આચાર્ય વિજ્યધર્મસૂરીએ સ્થાપેલી યશોવિજય પાઠશાળામાં આગળ અભ્યાસ માટે ગયા. ત્યાં નિષ્ણાત પંડિતો પાસે સાહિત્ય વ્યાકરણ અને ન્યાય વગેરેનો તેમણે ઉચ્ચત્તર અભ્યાસ કર્યો. ઈ.સ.૧૯૩૩માં બનારસ હિંદુ યુનિવર્સિટીના ' જૈન દર્શન'ના અધ્યાપક તરીકે જોડાયા.

ગુજરાત વિદ્યાપીઠમાં ગાંધીજી અને મુંબઈમાં ભારતીય વિદ્યાભવનમાં ક.મા.મુનશી સાથે કામ કર્યું. તેમણે ' આત્માનું શાસ્તિકુલક, ' કર્મગ્રંથ' , તત્વર્થાસૂત્ર' , ' જ્ઞાનબિંદુ' , ' ધર્મ અને સમાજ' , ' અધ્યાત્મક વિચારના અને ભારતીય તત્વજ્ઞાન તેમના સુપ્રસિદ્ધ ગ્રંથ છે. પ્રતિષ્ઠિત વિદ્વતા માટે એમને વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક ભાવનગરની યશોવિજય જૈન ગ્રંથમાળા તરફથી એનાયત થયો હતો. તેમણે ગ્રંથ સંપાદન અને સંશોધાત્મક પરિશીલન લેખમાં પંડિતજીનું પ્રદાન જેટલું વિપુલ છે તેટલું જ મૂલ્યવાન છે. ગુજરાતી સુખલાલજી ગ્રંથોને દિલ્લી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર એનાયત થયો હતો. ઈ.સ. ૧૯૫૯માં નવ નાલંદા વિહારએ બિહારની સંશોધન સંસ્થાએ તેમને ' વિદ્યા વારિધિ ' ની ઉપાધી આપી. ઈ.સ. ૧૯૬૧માં ભારત સરકારે વિશીષ્ઠ સંસ્કૃત પંડિત તરીકે પદવી એનાયત કરી પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા.

## વિનોદિની નીલકંઠ



ગુજરાતી નિબંધકાર, નવલકથાકાર, નવલિકાકાર, બાળસાહિત્ય લેખક વિનોદિની રમણભાઈ નીલકંઠનો જન્મ તા. ૯/૨/૧૯૦૭ના રોજ અમદાવાદમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ અમદાવાદની મહાલક્ષ્મીટ્રેનિંગ કૉલેજમાં અને માધ્યમિક શિક્ષણ ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલમાં લીધું હતું.ઈ.સ.૧૯૨૮માંઅમદાવાદની ગુજરાત કૉલેજમાંથી અંગ્રેજી મુખ્ય અને ગુજરાતી ગૌણ વિષયો સાથે બી.એ. અને ઈ.સ.૧૯૩૦માં અમેરિકાની મિશિગન યુનિવર્સિટીમાંથી સમાજશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્ર વિષયોમાંએમ.એ. થયા. તેઓ

મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલનાંઆચાર્યા તરીકે અને ત્યારપછી એસ.એન.ડી.ટી. મહિલા પાઠશાળામાં પ્રાધ્યાપિકા બન્યા. તેમણે વિવિધ સમાચારપત્રોમાંકટારલેખિકા તરીકે કોલમ લખી. .‘કદલીવન’ એમની નવલકથા છે. ‘આરસીની ભીતર’, ‘કાર્પાસી અને બીજી વાતો’, ‘દિલ દરિયાવનાં મોતી’, ‘અંગુલિનો સ્પર્શ’ વગેરે એમના નવલિકાગ્રંથો છે. ‘રસદ્વાર’ નિબંધસંગ્રહમાં નારીહૃદયનોકુમાશભર્યો ઉઘાડ છે. ‘ઘરઘરની જ્યોત’- ભા.૧, ૨, ૩, ૪ માંએમનાં પ્રસંગચિત્રોનો સંગ્રહ છે.‘નિજાનંદ’ માં પ્રવાસચિત્રો છે.‘વિદ્યાગૌરીનીલકંઠ’જીવનચરિત્રછે.‘ગુજરાતીઅટકો નોઇતિહાસ’સંશોધનગ્રંથછે.એમણે ‘શિશુરંજના’, ‘મેંદીની મંજરી’, ‘બાળકોની દુનિયામાંડોકિયું’, ‘સફરચંદ’, ‘પડછંદ કઠિયારો’ વગેરે બાળસાહિત્ય પણ આપ્યું છે. ‘ઘરનો વહીવટ’, ‘બાળસુરક્ષા’, ‘મુક્તજનોની ભૂમિ’ ,‘સુખનીસિદ્ધિ-સમાજવિદ્યા’ વગેરે એમનાં પ્રકીર્ણ પુસ્તકો છે.૨૯મી સપ્ટેમ્બર૧૯૮૭ના દિવસે તેમનું અવસાન થયું.

## દિમિત્રી ઇવાનોવિચ મેન્ડેલીવ



દિમિત્રી ઇવાનોવિચ મેન્ડેલીવ નો જન્મ ૮ ફેબ્રુઆરી ૧૮૩૪ના રોજ રશિયાના પૂર્વ સાઈબેરિયાના એક વેરાન ઇલાકો તોબોલ્સકમાં થયો હતો. તેમના પિતા એક સ્કૂલમાં ડાયરેક્ટર હતા.અને માતા તે સમયની લાવણ્યવતી રૂપાંગના હતી. દિમિત્રી મેન્ડેલીવના જન્મ પછી થોડા જ દિવસોમાં જ પિતા અંધ બની ગયા.દિમિત્રી મેન્ડેલીવ સ્નાતકની પરીક્ષા પ્રથમ શ્રેણી પાસ કરી હતી.ઈ.સ.૧૮૫૬માં રસાયણશાસ્ત્રમાં અનુસ્નાતક પદવી હાંસલ કરી હતી. અને ત્યારબાદ સેન્ટ પીટર્સબર્ગ યુનિવર્સિટીમાં અધ્યાપન કામગીરી કરી હતી. ઈ.સ.૧૮૬૫માં ‘ આલ્કોહોલ અને પાણીનું પરસ્પર મિશ્રણ’ એ વિષયપર ડોકટરેટનીની ઉપાધી મેળવી હતી. ઈ.સ.૧૮૬૯માં એમને ૬૩ તત્વોની શોધ કરી. આ તત્વોને પરમાણુભાર સાત વર્ગ ક્રમમાં ગોઠવી રસાયણની ‘જોડ તોડ’ની સમસ્યાને ઉકેલી નાખી. આ ઉપરાંત તેમણે ‘ સિલિકોન, ગેલીયમ, જર્મેનીયમ તથા સ્કેન્ડીયમના ગુણ પર શોધ અગાઉ ભવિષ્યવાણી કરી હતી તે અક્ષર:શ સાચી પડી હતી.

દિમિત્રી મેન્ડેલીવ બહુમુખી પ્રતિભા હતી. તેઓ વિજ્ઞાનના અનેક ક્ષેત્રોમાં રુચિ ધરાવતા હતા. રશિયાની કોલસા, મીઠા અને પ્રેટ્રોલિયમ જેવા કુદરતી સંશાધનો સાથે સંકળાયેલી અનેક સમસ્યાઓ પર તેમણે કામગીરી કરી હતી. ઉમદાવાયુઓ, યુરેનિયમ, થોરિયમ અને અનુયુરેનિયમ તત્વોની શોધ માટે આવર્તનિયમ અને આવર્ત કોષ્ટકચાવીરૂપ બન્યા હતા. દિમિત્રી મેન્ડેલીવ ક્ષતિરહિત બેરોમીટર પણ બનાવ્યું હતું.ઈ.સ.૧૮૯૦માં તેને પ્રાધ્યાપકપદેથી રાજીનામું આપ્યું હતું. દિમિત્રી મેન્ડેલીવ ૨૧ વર્ષની વયે ડોક્ટરોએ એવી ચેતવણી આપી હતી કે તેઓ છ માસથી વધુ જીવી શકશે નહિ પણ તેઓ ૭૩ વર્ષનું આયુષ્ય જીવ્યા. ઈ.સ.૧૯૦૭માં ન્યૂમોનિયાના કારણે અવસાન થયું.દિમિત્રી મેન્ડેલીવના વિશિષ્ઠ કાર્યને બિરદાવવા વૈજ્ઞાનિક ગ્લેન ટી.સીબોર્ગ પોતે નવા

શોધેલ ૧૦૧ પરમાણ્વિક ક્રમાંકવાળા તત્વનું નામ મેન્ડેલેવિયમ રાખવા સૂચવ્યું હતું.

## ફિલ્મ અભિનેત્રી આશા પારેખ




ગુજરાતી મૂળ ધરાવતી હિન્દી ફિલ્મોની જાણીતી સફળ અભિનેત્રીઆશા પારેખનો જન્મ 10 ફેબ્રુઆરી 1942 ના રોજ મુંબઈમાં થયો હતો. તે અભિનેત્રી ઉપરાંત કુશળ નૃત્યકાર પણ છે. આશાએ ૧૬ વર્ષની વયે અભિનય ક્ષેત્રે ઝંપલાવી પોતાની કારકિર્દીને અભિનેત્રી તરીકે પ્રારંભ કરવાનું નક્કી કર્યું. પરંતુ નિર્દેશક વિજય ભટ્ટે તેનામાં સ્ટાર બનાવાવાનાં ગુણ નથી એમ કહી તેને ફિલ્મ 'ગુંજ ઉઠી શહનાઈ' (૧૯૫૯)થી બાકાત કરી દીધાં. ત્યારબાદ તરત જ નિર્માતા એસ. મુખર્જી અને દિગ્દર્શક નાસીર હુસૈને તેને ફિલ્મ 'દિલ દે કે દેખો'(૧૯૫૯)માં કામ આપ્યું અને આ ફિલ્મે જ તેને પ્રસિદ્ધિ અપાવી હતી. ફિલ્મ 'દિલ દે કે દેખો'થી જ શમ્મી કપૂર તેના પ્રિય અભિનેતા અને મિત્ર બન્યાં. તેમણે અન્ય 3 ફિલ્મોમાં પણ એક સાથે કામ કર્યું હતું તેમાંથી એક ફિલ્મ 'તીસરી મંઝિલ' (૧૯૬૬)માં ખૂબ જ હીટ રહી. આશા દ્વારા અભિનિત ફિલ્મ 'ઉપકાર' (૧૯૬૭)ને બેસ્ટ ફિલ્મ માટે ફિલ્મ ફેર એવોર્ડ મળ્યો આ સાથે જ આશાની જબ પ્યાર કિસીસી હોતા હૈ (૧૯૬૧), ઘરાના (૧૯૬૧), શિકાર (૧૯૬૮), અને આન મિલો સજના (૧૯૭૦) જેવી ફિલ્મોને બૉક્સ ઑફિસ પર લગાતાર સફળતા મળવાને કારણે તેણે 'જ્યુબિલી ગર્લ' તરીકે નામના મેળવી.તેણે રાજ ખોસલાની ફ્લોપ ફિલ્મ 'ચિરાગ' (૧૯૬૯) નો પણ સામનો કરવો પડ્યો, પરંતુ આ ફિલ્મે તેને પ્રથમ બેસ્ટ અભિનેત્રીનો ફિલ્મ ફેર એવોર્ડ અપાવ્યો હોવાથી ખોસલાએ તેને આ ફિલ્મની નિષ્ફળતા અને વાસ્તવિકતાની જવાબદાર ન ગણી અને તેની આગલી હીટ ફિલ્મ 'મેરા ગાંવ મેરા દેશ' (૧૯૭૧)માં તક આપી.

આશાને શક્તિ સાવંતની ફિલ્મ 'કટી પતંગ' (૧૯૭૦) માટે બેસ્ટ એક્ટ્રેસ તરીકેનો ફિલ્મફેર એવોર્ડ મળ્યો. આ ફિલ્મમાં તેણે સફેદ સાડીમાં એક વિધવાનું પાત્ર ભજવ્યું હતું, જાણીતા નાટક 'ચૌલાદેવી'ના પ્રસિદ્ધ નૃત્યના પ્રદર્શનથી તેણે લોકોના મન જીતી લીધાં. ૧૯૭૬માં 'ઉધાર કા સિંદુર' ફિલ્મમાં ધારદાર અભિનય દ્વારા આશા શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી માટેના ફિલ્મફેર એવોર્ડની દાવેદાર બની, તો ૧૯૭૮માં રાજ ખોસલાની સુપરહિટ ફિલ્મ 'મૈં તુલસી તેરે આંગન કી'માં આશાના અભિનયે તે ફિલ્મને શ્રેષ્ઠ ફિલ્મ તરીકેનો ફિલ્મફેર એવોર્ડ અપાવ્યો. ત્યાર બાદ આશાએ ટીવી સીરીયલોના નિર્માણ તરફ નજર દોડાવી.૧૯૯૦નાં દાયકાની શરૂઆતમાં આશાની સીરીયલ 'કોરા કાગઝ' ઘણી જ લોકપ્રિય સાબિત થઈ. ત્યારબાદ ૧૯૯૫માં આશાએ અભિનયને હંમેશા માટે તીલાંજલિ આપવાનું નક્કી કર્યું.૧૯૯૮માં આશાએ સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટીફિકેશનના ચેરપર્સન તરીકેનો હોદ્દો ગ્રહણ કર્યો. ઉલ્લેખનીય છે કે સેન્સર બોર્ડના ચેરપર્સન બનનાર તે પ્રથમ મહિલા હતી.

૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં આશાએ ગુજરાતી સીરીયલ 'જ્યોતિ' સાથે ટીવી જગતમાં ડાયરેક્ટર તરીકેની કારકિર્દીની સફળ શરૂઆત કરી. તેની પ્રોડક્શન કંપની આકૃતિએ અત્યાર સુધી પલાશ કે ફૂલ, બજે પાયલ, કોરા કાગઝ અને દાલ મેં કાલા જેવી અનેક સીરીયલોનું નિર્માણ કર્યુ છે.આશા હિન્દી ફિલ્મ જગતમાં સુપરસ્ટાર તરીકેનું બિરૂદ મેળવનાર ગુજરાતી મહિલા છે. જો કે હિન્દી ફિલ્મોમાં તે કારકિર્દીની ટોચ પર હતી તે વખતે પણ ૧૯૬૩માં અખંડ સૌભાગ્યવતી જેવી ગુજરાતી ફિલ્મમાં

કામ કુળવધુ, વગેરે.આશા આજીવન કુંવારી રહી, એટલું જ નહીં ક્યારેય કોઈ અભિનેતા સાથેના સંબંધોને લઈને પણ તેનું નામ ચર્ચાસ્પદ ન બન્યું.કરવાને પ્રાથમિકતા તેણે આપી હતી. તે ફિલ્મ સુપર હિટ સાબિત થઈ હતી અને ગુજરાતી પ્રજા દ્વારા તે ફિલ્મને પસંદ કરવામાં આવી હતી.

## થોમસ આલ્વા એડીસન



વિશ્વને વિદ્યુત પ્રકાશની ભેટ આપનાર વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડીસનનો જન્મ ૧૧ ફેબ્રુઆરી ૧૮૪૭ના રોજ અમેરિકામાં આવેલા ઓહિયોના મિલાન ગામમાં થયો હતો. તેમના પિતા સેમ્યુઅલ અને માતાનું નામ સ્કોટીશ હતું. બચપણથી રસાયણ વિજ્ઞાનના પ્રયોગો કરવામાં ખૂબ જ શોખ હતો. પ્રાથમિક શિક્ષણ ઘરે જ પ્રાપ્ત કર્યું. તેમનો પરિવાર ખૂબ જ ગરીબ હતો. સમજણો થતાં માતાપિતાએ સ્થાનિક પ્રાથમિક શાળામાં તેને દાખલ કર્યો. કૂતુહલથી ભરપુર આ વિદ્યાર્થી શાળામાં શિક્ષકોના અનેક પ્રશ્નો પૂછતાં હતો. પણ શિક્ષકો તેને યોગ્ય જવાબ આપવાને બદલે મૂર્ખ ગણી ધુત્કારતા હતા. અંતે સ્વમાની માતાની મંજૂરીથી બા બાળકે શાળામાં જવાનું બંધ કર્યું. એને ઘરે રહીને જ સ્વશિક્ષણ લીધું હતું. બાર વર્ષની નાની વયે વ્યવસાય અર્થે તેમને રેલગાડીમાં છાપાં વેચવાનું ચાલુ કર્યું. ત્યાંના હુરોન બંદરેથી મીસીગન સુધીના ૯૬ કિલોમીટરનો રેલપ્રવાસ તે કરતો હતો. અને છાપાં વેચતો હતો. ઈ.સ. ૧૮૬૯માં તેમણે એક છ્પ્પાનું ખરીદી લીધું. રેલવેના ડબ્બામાં જ એડીસને ' ગ્રાન્ટ ટ્રંક હેરોલ્ડ ' નામનું છાપું પ્રગટ કર્યું હતું. સ્ટેશન માસ્તરે તાર-સંચાલક તરીકે નોકરી આપી. આ સમયગાળામાં ઈ.સ. ૧૮૬૯માં પોપ નામના ઈજનેર સાથે ગોલ્ત પ્રિન્ટર શોધી કાઢ્યું. એન્લો પાર્કમાં એમને સંશોધનની ફેક્ટરીની શરૂઆત કરી જેથી વિશ્વ ચકિત થઇ ગયું. એમને બોલી શકે તેવું મશીન ફીનોગ્રાફ શોધી કાઢ્યું. એડીસનની બીજી મહત્વની શોધ ઈ.સ.૧૮૭૯માં વિદ્યુત બલ્બની શોધ કરી હતી. તેમણે ઈ.સ. ૧૮૯૭માં કેમેરાની પણ શોધ કરી હતી. તેમણે કીન્ટોગ્રાફ પણ બનાવ્યું હતું. આ એક મૂવી કેમેરા છે. વિશ્વમાં સૌપ્રથમ કેમેરો હતો જે સેલ્યુલોઈડની ફિલ્મ પર હાલતા ચાલતાં ચિત્રો બતાવતો હતો. આ ઉપરાંત ઈ.સ. ૧૮૯૭માં ગ્રામોફોનની અદભૂત શોધ કરી.એડીસનના ગ્રામોફોનને સંગીતને મધ્યમવર્ગ સુધી પહોચાડી દીધું હતું. ઈ.સ.૧૯૧૪માં જ્યારે પ્રથમ વિશ્વ યુદ્ધ થયું ત્યારે તેની ઉંમર ૬૭ વર્ષની હતી. તેમ છતાં પોતાના દેશની સેનાઓ માટે ચાલીસ જેટલા આવિષ્કારો કર્યા જેનાથી અમેરિકા સેનાને ખૂબ જ ફાયદો થયો હતો.

થોમસ આલ્વા એડીસન દૃઢ સંકલ્પ બળ અને અદભૂત મેઘાનો સ્વામી હતા. પોતાનું કામ પુરૂ ન કરે ત્યાં સુધી જંપતા નહિ. તેઓ ક્યારેક દિવસના ૨૦ કલાક પરિશ્રમ કરતા હતા. એડીસને એવું કહેતા હતા કે ' સર્જક એક ટકા પ્રેરણા અને ૯૯ ટકા પરિશ્રમનો સહારો લેતા હોય છે.' આ નોંધપાત્ર અમેરિકનને અંજલિ આપતાં એડીસનના અવસાનના થોડાક દિવસ પછી ૨૧ ઓક્ટોબર ૧૯૩૧ના રોજ સમગ્ર અમેરિકામાં ૧ મિનીટ સુધી વીજપ્રકાશને ઝાંખો કરી દેવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૮૯૨માં આલ્બર્ટ મેંદ રોયલ સોસાયટી આર્ત ઓફ ગ્રેટ બ્રિટાનીયા અને ઈ.સ. ૧૯૨૮માં કોન્ગ્રેશનલ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. જીવનપર્યંત કાર્યરત રહેનાર આ મહાન વિભૂતિ ૧૮ ઓક્ટોબર ૧૯૩૧ના રોજ અવસાન પામ્યા. તેઓ ૮૪ વર્ષ જીવ્યા અને જીવનની ક્ષણેક્ષણ સંશોધન અને પ્રયોગશાળામાં વિતાવ્યું.

gnanbhandar.com

## સ્વામી દયાનંદ સરસ્વતી



મહાન સમાજ સુધારક અને " વેદો તરફ પાછા ફરો" સૂત્ર આપનાર મહર્ષિ દયાનંદ સરસ્વતીનો જન્મ ૧૨ ફેબ્રુઆરી ૧૮૨૪ના રોજ મોરબી પાસે આવેલ ટંકારા ગામમાં થયો હતો. તેમનું પૂર્વાશ્રમ નામ મૂળશંકર તિવારી હતું. પિતાનું નામ કરસનદાસ તિવારી અને માતાનું નામ અમૃતબાઈ હતું. તેમના પિતા કરસનદાસ શિવભક્ત હતા. પિતાજીના કહેવાથી મૂળશંકરે પણ એકવાર શિવરાત્રિનું વ્રત રાખ્યું. જયારે એમને જોયું કે ઊંડાઓ શિવલિંગ પર ચઢી જઈને પ્રસાદ ખાતા જોઈને એમનો મૂર્તિપૂજા પરથી બિલકુલ વિશ્વવા ઉઠી ગયો. તેઓ એક દિવસ મૂળશંકર સત્યની ખોજમાં ઘરેથી નીકળી ગયા. સંસારની ભૌતિકતાથી દૂર દૂર ચાલતા ચાલતા નર્મદા નદી કિનારે આવ્યા. પરમહંસ પરમાનંદજી પાસે વેદાંતનો અભ્યાસ કર્યો. મથુરામાં પ્રજ્ઞાચક્ષુ દંડી સ્વામી વિરજાનંદ નો પરિચય થયો અને તેમના જ્ઞાનથી તેઓ પ્રભાવિત થયા. દંડી સ્વામીએ દીક્ષા આપી સ્વામી દયાનંદ સરસ્વતી નામ આપ્યું. તેમણે એક જ વર્ષમાં ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો.

ગુરૂની ખોજમાં ગુજરાત છોડી કાશી ચાલ્યા ગયા ત્યાં તેમણે યોગાભ્યાસ કર્યો. દઢ મનોબલથી હિમાલયમાં 10-12 વર્ષની તપશ્ચર્યા કરી. તેઓ દિવ્ય ચેતનાના સ્વામી બની ગયા. તેમણે મૂર્તિ પૂજાનો વિરોધ, વિધવા વિવાહ સમર્થન, પશુબલીનો વિરોધ, બુરખા પ્રથાનો વિરોધ અંગે નવું ચિંતન પ્રગટ કર્યું. તેમણે ઇ.સ. 1875માં આર્યસમાજની સ્થાપના કરી. જોત જોતામાં તો દેશભરમાં તેનીશાખાઓ ખૂલી. આ સંસ્થા દ્વારા બાલવિવાહ વિરોધ, સતીપ્રથા વિરોધ, વિધવા પુન:વિવાહ, એકતાનો સંદેશ, નારી શિક્ષા અને જાતિભેદનો વિરોધ જેવી પ્રવૃતિઓ દ્વારા સમાજમાં એક સ્વામી દયાનંદ સરસ્વતી એક મહાન દેશભક્ત હતા. એમને પોતાના કાર્યોથી સમાજને એક નવી દિશા અને ઉર્જા પ્રદાન કરી. તેમણે સુપ્રસિદ્ધ " સત્યાર્થપ્રકાશ" લખ્યો. જે આર્ય સમાજની બાઇબલ ગણવામાં આવે છે. સ્વામીના વિરોધી એવા પંડિતો, મુલ્લાઓ અને અંગ્રેજોએ સાથે મળીને રસોઈયાની મદદથી જગન્નાથની સાથે ઝેરવાળું દૂધ મોકલ્યું અને તે પીવાથી દયાનંદ સરસ્વતીનું 30 ઓક્ટોબર 1883ના રોજ અવસાન થયું.

## હિંદનું બુલબુલ સરોજિની નાયડુ




ભારતમાં નારી આંદોલન તથા નારી અધિકાર અને નારી સ્વાતંત્ર્યના સમર્થક એવા સરોજિની નાયડું નો જન્મ ૧૩મી ફેબ્રુઆરી ૧૮૭૯નારોજ હૈદરાબાદ બ્રાહ્મણ પરીવારમાં થયો હતો. તેમના પિતા શ્રી અઘોરનાથ ચટ્ટોપાધ્યાય નિઝાલ કોલેજના સંસ્થાપક હતા. તેમણે પોતાનુંજીવન શિક્ષાના પ્રસાર અને પ્રચારાર્થે વિતાવ્યું હતું. માતા વદનસુંદરીદેવી બંગાળી ભાષામાં સરસ ગીતો લખ્યા છે. સરોજિની નાયડ ૧૨ વર્ષની વયે મેટ્રીકની પરીક્ષા પાસ કરી. તેમણે ' ઝીલની રાણી' નામની કવિતા લખી. ૧૬ વર્ષની વયે રાજય તરફણી શિષ્યવૃતિ મળતાં તેઓ ઈંગ્લેન્ડ ગયા હતા. ત્યારપછી તેઓ ઈ.સ. ૧૯૧૮માં ભારત પરત થયા. ભારત આવી સર્વપ્રથમ નાત–જાતની ભાવનાનું ખંડન કયું. નિઝામ સરકારના પ્રધાન ચિકિત્સક ડૉ. એમ. ગોવિંદરાજસ નાયડુ સાથે લગ્ન કર્યા. સરોજિની નાયડ જન્મજાતકવિયત્રી હતા. આથી તેઓ ભારતમાં બુલબુલના ઉપનામથી ઓળખાતા હતા.

સરોજિની નાયડુ એક સાચા દેશભકિત રાજનીતિજ્ઞ અને કુશળ વકતા હતા. તેઓ ભારતના પ્રથમ મહિલા રાજયપાલ અને પ્રથમ ભારતીય

મહિલા કોગ્રેસના અધ્યક્ષ બનવાનું સદભાગ્ય પ્રાપ્તથયું. તેઓ ઉતરપ્રદેશના રાજયપાલ બન્યા હતા.તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. તેઓ વીરતા,ધીરતા અને નમ્રતાના મૂર્તિ હતા. તેઓ આદર્શ ગૃહિણી અને કુશળ કવિયૂત્રી હતા. તેમનામાં સૈનિક જેવી તત્પરતા, સરસ વાકછટા, સંગઠનની ક્ષમતા જોવા મળતી હતી.ગાંધીજીના સંપર્કમાં આવ્યા પછી રાજનીતિમાં ભાગ લેવાનું શરૂઆત કરી. ઈ.સ. ૧૯૧૮માં હોમરૂલલીગ પ્રતિનિધી મંડળના સભ્ય બની લંડન ગયા. ઈ.સ.૧૯૪૨માં ભારત છોડો આંદોલનમાં ભાગ લીધો. અને જેલવાસ પણ ભોગવ્યો હતો. ઈ.સ.૧૯૩૦માં અખિલ મહિલા સંમેલનના તેઓ અધ્યક્ષ બન્યા. ભારતીય સ્ત્રીઓના ઉધ્ધાર માટે શકય તેટલા પ્રયત્નો કર્યા. સરોજિની નાયડુ ૨જી માર્ચ ૧૯૪૯ના રોજ તેમનું અવસાન થયું. આજે તેમને પૂણ્યતિથીનિમિતે કોટી કોટી વંદન કરીએ.


## કર્મઠ રાજપુરૂષ ઠાકોરભાઈ દેસાઈ



ગુજરાતના વિચારનિષ્ઠ અને કર્મઠ રાજપુરૂષ ઠાકોરભાઈ દેસાઈનો જન્મ ૧૩ ફેબ્રુઆરી ૧૯૦૩ના રોજ તેમના મોસાળ સુરત જીલ્લાના વેગામ ગામમાં થયો હતો. પિતાનું નામ મણીભાઈ અને માતાનું નામ કાશીબેન હતું. ઠાકોરભાઈએ પ્રાથમિક શિક્ષણ વેગામમાં અને હાઈસ્કૂલ ભરૂચમાં લીધું હતું. ઈ.સ. ૧૯૧૯માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી. ઈ.સ.૧૯૨૪માં ગુજરાત વિદ્યાપીઠમાં અંગ્રેજી અને સંસ્કૃત વિષય સાથે ભાષા વિશારદ થયેલા. સત્યાગ્રહ આશ્રમ લડતમાં બે વર્ષની કારાવાસની જેલની સજા થઇ હતી. ઈ.સ. ૧૯૫૨ થી ૧૯૭૧ સુધીના વર્ષોમાં ઠાકોરભાઈ અમદાવાદમાં કોંગ્રેસના નિષ્ઠાવાન અને સક્રિય સેવક તરીકે કામગીરી કરી હતી. ઠાકોરભાઈ દેસાઈ ગુજરાત વિદ્યાપીઠમાં ભાષાના અધ્યાપક તરીકે સેવા આપી અહ્તી. ઈ.સ. ૧૯૪૬માં તેઓ ગૂજરાત વિદ્યાપીઠના નિયામક તરીકે તથા ઈ.સ.૧૯૬૩માં કુલનાયક પદે નિયુક્તિ થઇ જે મૃત્યુ સુધી સેવા આપી હતી.

ઠાકોરભાઈ ગાંધીજીના રચનાત્મક કાર્યના પ્રખર પ્રણેતા હતા. ગુજરાત કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે ઈ.સ.૧૯૫૯માં સર્વાનુમતે ચૂંટાયા હતા તે પછી ઈ.સ.૧૯૬૨ની વિધાનસભા ચૂંટણીમાં ગણદેવી બેઠકમાં ચૂંટાઈ આવ્યા હતા. પંચાયત, ખેતીવાડી અને સહકાર મંત્રી તરીકે સેવાઓ આપી હતી. ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ પ્રવૃતિઓનો પ્રસાર-પ્રચારની કામગીરી કરી. તેઓ બચપણથી જ રાષ્ટ્રીય રંગેરંગાયેલ હોવાથી વિવિધ રાષ્ટ્રીય ચળવળ , મીઠા સત્યાગ્રહ વગેરેમાં ભાગ લઇ જેલવાસ ભોગવ્યો હતો. તેમણે ' નવજીવન' તથા ' હરીજનપત્રો' ના સંપાદકની કામગીરી કરી. રાજકીય ક્ષેત્રે ઉપરાંત લેખનપ્રવૃત્તિ પણ નોંધપાત્ર હતી. તેમણે વિવિધ પુસ્તકોના અનુવાદ ક્ષેત્રે કામગીરી કરી હતી. આ બધા અનુવાદોમાં સર્વશ્રેષ્ઠ અનુવાદ ' ગીતા પ્રવચનો' હતો. ઠાકોરભાઈ વાંચનનો ખૂબ જ શોખ હતો. ૧૫મી જુન ૧૯૭૧ના દિવસે હૃદય બંધ પડવાથી તેમનું અવસાન થયું.

## મુઘલ સમ્રાટ – બાબર




મુઘલ સામ્રાજ્યનો પાયો નાખનાર ' બાબર' ઉપનામ ધરાવનાર ઝાહીર-

ઉદ-મહંમદ બાબરનો જન્મ 14 ફેબ્રુઆરી ૧૪૮૩ના રોજ અન્દિજાણ, મુગલિસ્તાન (હાલમાં ઉઝબેકિસ્તાન)માં થયો હતો. તે પિતાની તરફથી તૈમુરલંગ અને માતાની તરફથી ચંગીઝખાનનો વારસ હતો. સાંસ્કુતિક રીતે તે પર્શિયન સંસ્કૃતિ વડે પ્રભાવિત હતો આથી તેના વારસા વડે ભારતમાં પર્શિયન સંસ્કૃતિનો પ્રભાવ વધ્યો હતો. તે માત્ર આગિયાર વરસનીનાણાઈ વયે સમરકંદની ગાદીએ બેઠો હતો. ઇ.સ. ૧૫૨૬માં પાનીપતના યુદ્ધમાં બાબરે ઇબ્રાહિમ લોદીને હરાવી દિલ્હી પર કબજો જમાવ્યો. બાબર ધૈર્યવાન, દીર્ઘદ્રષ્ટિ અને સામર્થ્યશાલી હતો. તેને તુર્કી ભાષમાં પોતાની આત્મકથા ' બાબરનામા' લખી જે સાહિત્ય ક્ષેત્રે ગણનાપાત્ર છે.

બાબર ૪૮ વર્ષનો હતો ત્યારે પુત્ર હુમાયુ એકાએક બીમાર પડયો. પિતાએ ખુદાને બંદગી કરી કે “ મારા પુત્રને બદલે મારૂ બલિદાન લઈ લે” ખરેખર એમ જ બન્યું. હુમાયુ સાજો થયો અને ૨૬ ડિસેમ્બર ૧૫૩૦ના રોજ બાબરનું અવસાન થયું.

## ખગોળશાસ્ત્રી ગેલિલીયો



"આજે હવે મારી આંખે બિલકુલ દેખાતું નથી.મારા નિરીક્ષણ વડે જે બ્રહ્માંડનો વિસ્તાર મેં હજાર ગણો વધાર્યો છે તે બ્રહ્માંડ. આ પૃથ્વી આ નભોમંડળનો ચંદરવો એ બધુ, આ આંખ વિનાના માણસને માટે તો એને પથારીમાં જ સમાઈ જાય છે. એ પથારીની સીમાથી બહાર જાણે કાંઈ જ નથી. પણ ઈશ્વરની એવી જ ઈચ્છા હોય તો મારે એને તાબે થવું જ પડે."

સત્યના શોધક, શોધખોળમાં સત્યોને પ્રગટ કરવા પોતાની વિશ્વ સમક્ષ નૂતન વૈજ્ઞાનિક વિચારધારાને રજુ કરનાર તથા પોતાને જે સત્ય દેખાયું તેને મકકમપણે વળગી રહેનાર મહાન ખગોળશાસ્ત્રી ગેલીલિયોનોજન્મ ૧૫મી ફેબ્રુઆરી ૧૫૬૪ના રોજ ઈટાલીના ટસ્કૈની રાજયના પિઝા નામના નગરમાં થયો હતો.તેમના પિતાનું નામ વિનસેન્જિયો ગેલીલિઈ હતું.તેઓ ગણિતના વિદ્વાન હતા. પિતાની ઈચ્છા પાદરી બનાવવાની હતી પણ તે ગેલીલિયોને પસંદ ન હતું. ગેલીલિયો ઈ.સ. ૧૫૮૩માં દેવળમાં ઝૂલતાં ઝુમ્મર પરથી લોલકના નિયમોની રચના કરી. ગેલીલિયો પરીક્ષણવાદી હતા. કેટલાય પરીક્ષણો બાદ કોઈ ચોકકસ વિચારધારાને વ્યકત કરતા.

ચંદ્ર અને પૃથ્વીનું ખેંચાણ કોઈક રહસ્યમય શકિતનું ખેચાણ છે એવા પ્રેરક વિચાર તેના મગજમાં આવ્યો. અહીથી ગુરૂત્વાકર્ષણ વિશેનો પાયો તેના સૈધ્ધાતિક રૂપમાં નખાયો. ઈ.સ.૧૬૧૦માં મંગળના ચાર ઉપગ્રહો શોધી કાઢયા. ઈ.સ.૧૬૩૨માં ' દુનિયાની બે મુખ્ય પ્રણાલીઓ સબંધીવાતચીત' પુસ્તક પ્રગટ કર્યું. ઈ.સ. ૧૫૯૦માં લોલકના નિયમોની શોધ કરી. ઈ.સ. ૧૫૯૩માં ઉષ્ણાતામાપકની શોધ કરી. ગેલીલિયોએ ' હાઈડ્રાસ્ટ્રેટિક બેલેન્સ' પર પણ મહાનિબંધ લખ્યો. તેમાં તેમની ચાલીસ વર્ષની શોધખોળ, વિચારધારા વાતચીતમાં રજુ કરી છે. ધર્મ અને વિજ્ઞાન , અંધશ્રધ્ધા અને તર્કનો સંઘર્ષ તીવ્ર બન્યો. સત્યને પણ અનિષ્ઠોનો સામનો કરવો પડે છે. ગેલીલિયોના કોપરનિકસના સિધ્ધાંતોને જોરદાર ટેકો આપવાથી ધર્મગુરૂઓ એમના પર રોષે ભરાયા.ધર્મગુરૂઓ એમના પર રોષે ભરાયા. ધર્મગુરૂઓ એવું માનતા હતા કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે જયારે કોપરનિકસે કહયું કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. આ બાબતે ધર્મગુરૂઓએ ગેલીલિયો પર ખૂબ જ ત્રાસ ગુજાર્યો. ૮મી જાન્યુઆરી ૧૬૪૨ના રોજ તેમનું

**અવસાન થયું. પ્રતિકૂળ સંજોગોમાં પણ સંશોધન ન છોડનાર આ મહાન વૈજ્ઞાનિકને આપણા લાખ લાખ વંદન.**

## ગુલામ મોહમ્મદશેખ



ગુજરાતી કવિશેખ ગુલામમોહમ્મદ તાજમોહમ્મદનો જન્મ તા. ૧૬ ફેબ્રુઆરી ૧૯૩૭નાં રોજ વઢવાણમાં થયો હતો. તેમણે ઈ.સ.૧૯૫૫માંમૅટ્રિકની પરીક્ષા પાસ કરી ઈ.સ.૧૯૫૯માં મ. સ. યુનિવર્સિટીમાંથી બી.એ. (ફાઈન) થયા. ઈ.સ.૧૯૬૧માં એમ.એ. (ફાઈન) પાસ કર્યું.ઈ.સ. ૧૯૬૬માં રૉયલ સ્કૂલ ઑવ આર્ટ, લંડનમાંથી એ. આર.સી.એ.ની પદવી પ્રાપ્ત કરી.ઈ.સ.૧૯૬૦થી ૧૯૬૯ સુધી એમ.. એસ.યુનિવર્સિટીની ફેકલ્ટી ઑવ ફાઈન આર્ટમાં વ્યાખ્યાતા તરીકે સેવા આપી. ઈ.સ.૧૯૭૯થી ૧૯૮૨ સુધી રીડર અને ઈ.સ૧૯૮૨થી પ્રોફેસર તથા ચિત્રકલા વિભાગના અધ્યક્ષ તરીકે રહ્યા. ‘ક્ષિતિજ’, ‘વિશ્વમાનવ’, ‘સાયુજ્ય’માંકલાવિભાગોનું સંપાદન તરીકે કામગીરી કરી. ઈ.સ.૧૯૮૩માંપદ્મશ્રીઍવોર્ડ એનાયત થયો.‘અથવા’ (૧૯૭૪)કાવ્યસંગ્રહમાં આધુનિક ગુજરાતી ગદ્યકવિતાનું તેમ જ કાલધર્મી કવિતાકલા સાથેસ્થલધર્મી ચિત્રકલાના તરીકાઓના સંયોજનનું એક નવું પરિમાણ જોવા મળે છે. શબ્દો દ્વારાઊપસતાં દ્રશ્યસંયોજનોની શ્રેણીમાંથી બનતો કાવ્યપટ વિશિષ્ટ વાક્-રીતિઓને તાકે છે.આથી પદબંધની અને વાક્યબંધની અપૂર્વ ચમત્કૃતિ ઊભી થાય છે. ક્યારેક નિષિદ્ધક્ષેત્રોનાં સાહચર્યોથી ભાવપોતને ક્ષુબ્ધ કરી આધુનિક સંવેદનાને નીપજાવવાનો પ્રયત્નપણ જોવાય છે. આ ઉપરાંત ‘અમેરિકન ચિત્રકળા’ (૧૯૬૪) એમનો અનુવાદગ્રંથ છે.

## સ્ટેથોસ્કોપના શોધક રેન લોનેક

વિશ્વ પ્રસિદ્ધ ફ્રેંચ વૈજ્ઞાનિક સ્ટેથોસ્કોપના શોધક રેન લોનેકનો જન્મ ૧૭ ફેબ્રુઆરી ૧૭૮૧ના રોજ થયો હતો. એક દિવસ સાંજે તેમના દવાખાનામાં યુવાન મુગ્ધા સ્ત્રી હૃદયની તકલીફની ફરિયાદ લઈને આવે છે. સામાન્ય રીતે તેઓ હાથ દ્વારા જ આ પ્રકારની બીમારીનો ક્યાસ કાઢી લેતા પરંતુ પેલી સ્ત્રીને વધારે તકલીફ જણાતી હતી.એક તો સ્ત્રી પણ  પુખ્ત વયની જેના લીધે રેની સ્ત્રીની છાતી પર કાન દઈને ધબકારા સાંભળી શકે તેમ નહોતા. રેનીને તે વખતે જૂનો સિલસિલો યાદ આવ્યો જેમાં લાકડાના વાંસના એક છેડાએ બોલવાથી બીજા છેડાએ સાંભળી શકાય. આ કિસ્સા પરથી તેમને પણ સ્ત્રીની તબિયતનું નિદાન કરવાનું સૂઝ્યું. તેમણે જાડા કાગળને વાળીને સ્ત્રીની છાતી પર મૂક્યો ને બીજા કનેથી તેમણે પોતે સાંભળ્યું. જેનાથી તેમણે હૃદયના સ્પષ્ટ ધબકારા સંભળાય જે પહેલાં કાન દઈને પણ સાંભળી શકાતા નહોતા.આ ખ્યાલથી તેમને સ્ટેથોસ્કોપને બનાવવાનો વિચાર સૂઝ્યો. રેન લોનેકે ત્યારબાદ સળંગ ત્રણ વર્ષ સુધી સ્ટેથોસ્કોપની રચના અને વિકાસ માટેના પ્રયત્નો કર્યા. તેમના આ જ સંશોધન ઉપર તેમણે રિસર્ચ પેપર પણ પ્રકાશિત કર્યા. તેમણે ઈ..સ.૧૮૧૯માં એક ફૂટ લાંબુ લાકડાનું સ્ટેથોસ્કોપ શોધ્યું હતું. આમ તો સ્ટેથોસ્કોપની શોધ તેને ઈ.સ.૧૮૧૬માં કરી હતી પણ ઈ.સ.૧૮૧૯માં તેને ‘ ડી

આઇઓસ્કુલેશન મેડીએટ' નામનું પુસ્તક પ્રસિદ્ધ કરી વિશ્વને સ્ટેથોસ્કોપ વિષે જાણકારી મળી. પરંતુ દુ:ખદ આંબત છે કે તેઓ ઈ.સ. ૧૮૨૬માં ૪૫ વર્ષની નાની વયે અવસાન પામ્યા. અત્યારે ડોક્ટર ઉપયોગમાં લેતા સ્ટેથોસ્કોપ જે બે કાનથી સંભળાઈ તેવી રચનાવાળા છે તેની શોધ ઈ.સ.૧૮૫૨માં અમેરિકાના જર્યોજ કામન દ્વારા થઇ હતી.

ડૉ. રેન લોનેક બ્રોન્કાયટીસ મેલાનીયા અને સિરીઓસોસ(સોરાયસિસ) સહિતની બીમારીઓના લક્ષણોનો અભ્યાસ કર્યો. જો કે તેમનું તબીબી વિજ્ઞાન ક્ષેત્રે સૌથી મહા યોગદાન ટી.બી.સંદર્ભે જ રહ્યું. કમનસીબે એમને પણ ટી.બી.નો ચેપ લાગ્યો હતો. યકૃત (લીવર)ની બીમારી સોરાઈસીને હજુ પણ ઘણી વાર રેન લોનેકના સોરાઈસીસ તરીકે ઓળખવામાં આવે છે.તેમણે આ રોગના લક્ષણો શોધવામાં પાયાનું કામ કર્યું હતું.

## એલેક્ઝાન્ડર વોલ્ટા



ઇટાલીના મહાન ભૌતિકશાસ્ત્રી એલેક્ઝાન્ડર વોલ્ટાનો જન્મ ૧૮મી ફેબ્રુઆરી ૧૭૪૫ના રોજ ઇટાલીના કોમો નગરમાં એક સામાન્ય પરિવારમાં થયો હતો. ઈ.સ.૧૭૭૪માં કોમોની સ્કૂલમાં વિજ્ઞાનના શિક્ષક તરીકે નિમણૂક થઇ.ઈ.સ.૧૭૭૯માં તેમણે પાવિયા યુનિવર્સિટીમાં ભૌતિકવિજ્ઞાનના અધ્યક્ષ તરીકે નિયુક્તિ થઇ. ઈ.સ.૧૭૮૨માં જર્મની, ફ્રાંસ, હોલેન્ડ અને ઇંગ્લેન્ડની મુલાકાત લીધી. વોલ્ટા જ્યારે કોમોમાં શિક્ષક હતા ત્યારે તેમણે ઘર્ષણજન્ય વિદ્યુત ઉત્પન્ન કરી પદાર્થોનું વીજળીયુક્ત કરવાનો પ્રયત્ન કર્યો. તેમણે શોધેલું ઇલેક્ટ્રોફોરસ કે જેના દ્વારા વીજળીનો ચમત્કાર પેદા કરી શકાય તેવી સાધનમાં શક્તિ હતી.તેમણે વીજપ્રવાહ માપવાનું શરૂ કર્યું. આ મશીનનું નામ તેમના જ નામ પરથી વોલ્ટમીટર પડ્યું.લુઈજ ગેલ્વેની નામના એક વૈજ્ઞાનિક પરીક્ષણ દ્વારા જણાવ્યું કે પશુઓમાં વીજળી હોય છે. વોલ્ટાએ પ્રયોગો કરી શિદ્ધ કરી બતાવ્યું કે વીજળી માટે પશુઓની જરૂર હોતી નથી. એમને જસત અને ચાંદીના તારને મીઠાના ઘોળમાં નાખીને,એકબીજાથી જોડીને,વિદ્યુત કરંટ પેદા કર્યો. તેમણે ઈલેક્ટ્રોન રસાયણની એક નવી શાખાનો જન્મ થયી જે હતી બેટરી . ગરમી અને પ્રકાશ ઉત્પન્ન કરવાની શક્તિને કારણે કાર્બન આર્ક લેમ્પ અસ્તિત્વમાં આવ્યો. વોલ્ટાકોશનો ઉપયોગ કરીને સર હમ્ફી દેવીએ સોડીયમ અને પોટેશિયમ તત્વોની શોધ કરી.તેમેણ સુવાહક વિદ્યુત પ્રવાહીઓ અંગે અભ્યાસ કરી જેને આધારે ઈ.સ.૧૮૦૦માં તેમણે વોલ્ટીક પૈલની શોધ કરી. વોલ્ટાએ સૂકી બેટરી પણ બનાવી જેનો આજે ઉપયોગ ટોર્ચ, રેડિયો, ટ્રાન્ઝીસ્ટર વગેરેમાં થાય છે. એ વખતે બનેલી બેટરી વજનદાર હતી અને કાળમાં પણ મોટી હતી. તેમાં ઉત્તરોત્તર શોધ થતી રહી. છેવટે હળવી બેટરીઓ બની. વોલ્ટાએ વીજ બેટરીઓ બનાવી. ફ્રાંસના શાસક નેપોલિયનને ખબર પડતાં જ તેને વોલ્ટાને બોલાવી તેમનું સન્માન કર્યું. ઈ.સ.૧૭૯૪માં ધાતુમાં વિદ્યુત અંગેનો સંશોધન લેખ લખ્યો જેને માટે તેમને રોયલ સોસાયટીએ કોપ લે ચંદ્રક આપી સન્માનિત કર્યા.

## બળવંતરાય મહેતા



ગુજરાતમાં પંચાયતીરાજના પ્રણેતા અને ગુજરાતના માજી મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતાનો જન્મ ૧૯ ફેબ્રુઆરી ૧૮૯૯નાં રોજ

ભાવનગરમાં થયો હતો.તેઓ બી.એ થયા પછી ગાંધીજીની અસહકારની લડતમાં જોડાયા. ભાવનગર પોતાનું કાર્યક્ષેત્ર બનાવી ત્યાં રેલ્વે સેવક યુનિયનના ઓર્ગેનાઈઝેશન તરીકે કામગીરી કરી હતી. તેઓ નાગપુર સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહમાં જોડાયા. ઈ.સ.૧૯૩૦માં ધોલેરાના મીઠા સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ બે વર્ષ જેલવાસ પણ ભોગવ્યો હતો. ઈ.સ.૧૯૪૮માં ધારાસભા પડે ચૂંટાયા. સૌરાષ્ટ્ર અલગ રાજ્યની સ્થાપના થતાં તેઓ નાયબ પંત પ્રધાન બન્યા હતા. આ ઉપરાંત તેઓ પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રી તથા અખિલ ભારતીય કોંગ્રેસનાં મહામંત્રી તરીકે પણ સેવા આપી હતી. ઈ.સ.૧૯૫૨માં લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.

તેઓ ૧૯મી સપ્ટેમ્બર૧૯૬૩ના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી બન્યા. તેઓ ગુજરાતમાં પંચાયતીરાજની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૭૫માં પાકિસ્તાને ભારત પર હુમલો કર્યો અને યુદ્ધ જાહેર થયું. પાકિસ્તાને ગુજરાતમાં ભુજ અને જામનગરને નિશાન બનાવ્યા. ૨૧ દિવસના યુદ્ધ પછી બંને પક્ષે યુદ્ધ વિરામ થયો. ૧૯ સપ્ટેમ્બરનાં રોજ તેઓ અને તેમની પત્ની સરોજબેન સાથે મીઠાપુર ગયા હતા. ત્યાં અચાનક નિર્ણય લઈને તેઓ કચ્છની સરહદ જીવા જવા રવાના થયા. પાકિસ્તાનના રડારમાં તેમનું વિમાન ઝડપાતાં પાકિસ્તાનના યુદ્ધ વિમાનો બળવંતરાયના વિમાન પર બોંબમારો કર્યો. આથી તેમનું વિમાન કચ્છમાં પશ્ચિમે સૂથરી પાસે ભૂજથી ૧૦૦ કિ.મી. દૂર દરિયાકિનારે તૂટી પડ્યું. અને આ હોનારતમાં તેઓ અને તેમના પત્ની અવસાન પામ્યા.

## ૨૧ ફેબ્રુઆરી - માતૃભાષા ગૌરવ દિવસ




બાળકને જન્મથી મળતી ભાષા 'માતૃભાષા ' કહેવાય છે. કરણ કે માતાની ભાષા છે. માતાના ગર્ભધારણ પછીના થોડા જ મહિનામાં બાળકના શિક્ષણની શરૂઆત થઇ જાય છે.ભારતીય સંસ્કૃતિમાં જન્મથી માંડીને મૃત્યું સુધીના સોળ સંસ્કારનો મહિમા છે. ગર્ભધાને બાળકનો પરનો પ્રથમ સંસ્કાર છે. સગર્ભા સ્ત્રી જે વાતાવરણમાં રહે છે, જે વાંચે છે, જે વિચારે છે તે સર્વની છાપ ગર્ભસ્થ બાળકના મન પર ઊપસ્તી રહે છે. એટલે તો આપણે ત્યાં સગર્ભા સમયગાળા દરમ્યાન સ્ત્રી ધાર્મિક ગ્રંથોનું વાંચન કરતી હોય છે. માતૃભાષા સમાજનો સેતુ છે માતૃભાષા સંસ્કૃતિનો પાયો છે. સનાતન સંસ્કૃતિની માતા છે. માતૃભાષા તો મા સમાન સંસ્કાર આપે છે. માતૃભાષા બાળકને આપણી ધરતી,પ્રકૃતિ અને સંસ્કૃતિ સાથે જોડે છે. બાળકને સ્વત્વ અને સ્વદેશાભિમાન અને ત્યાગ ભાવના જગાડે છે. ૧૯૫૨માં પોતાની માની ભાષા-બંગાળી ભાષાના ઉપયોગ ના અધિકાર માટે આંદોલન કરતા ઢાકા યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ પર પાકિસ્તાની સેના અને ઢાકા પોલીસે ગોળીઓ છોડીને અબુલ બરકાત, અબ્દુલ જબ્બર, રફીકુદ્દીન અહમદ અને સફલુર રહેમાન ચાર વિદ્યાર્થીઓને મારી નાખવામાં આવેલા તેમની યાદમાં આ દિવસ નક્કી કરવામાં આવે છે. યુનેસ્કો દ્વારા નવેમ્બર ૧૯૯૯ની સામાન્ય સભામાં " માતૃભાષા દિન " ની ઉજવણી ૨૧મી ફેબ્રુઆરીએ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો. વિશ્વસંસ્થા વર્ષ ૨૦૦૦થી આ દિવસ ઉજવે છે. આપણે

gnanbhandar.com

ગુજરાતમાં પણ ત્યારથી જ માતૃભાષા ગૌરવદિન તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વની સૌથી વધુ માતૃભાષકો ધરાવતી ૩૦ ભાષામાં ગુજરાતી ભાષાનું ૨૩ઊ સ્થાન છે. ગુજરાતની અસ્મિતાનું બીજું નામ ગુજરાતી ભાષા છે. વિશ્વ આખામાં આ દિવસ ઉજવવો પડે તે જ દર્શાવે છે કે દુનિયામાં માતૃભાષાઓની હાલત બરાબર નથી. સમગ્ર વિશ્વ ડીઝીટલ યુગમાં સંકોચાતું જાય છે. અને એક નવી વૈશ્વક ભાષા જાણે આકાર પામી રહી હોય તેમ અંગ્રેજીનો વ્યાપ અને વિસ્તાર વધતો જાય છે. જો કે હજુ પણ વિશ્વમાં અનેક રાષ્ટ્રો એવાછે. જેઓએ પોતાની ભાષા અને ઓળખ આ વંટોળ સામે મજબૂતાઈથી ટકાવી રાખ્યા છે અને અન્યોને પોતાની ભાષા શીખવા પણ મજબૂર કરી રહ્યા છે. જો કે ગુજરાતમાં માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ હોવું જોઈએ તેવું કોઈ સરકારી ફરજીયાત ના હોવાથી ખાસ કરીને શહેરી વિસ્તારોમાં અંગ્રેજી માધ્યમનો પ્રભાવ એટલી હદે વધી રહ્યો છે કે જેના કારણે બે પેઢીઓ વચ્ચે વૈચારિક ખાઈ વધતી જતી હોઈ અને નવી પેઢી મૂળભૂત સંસ્કૃતિ, સંસ્કાર અને સાહિત્ય વારસાથી વિમુખ થઇ રહી હોવાની ભીતિ સેવાઈ રહી છે. જો સમાજમાં માતૃભાષા નબળી પડે તે સમાજ ધીરે ધીરે કલા અને સાહિત્યથી વિમુખ બંને અને એ સમાજનું પતન થાય છે. માતૃભાષાનું સંવર્ધન અને જતનની જવાબદારી કોઈ એક વ્યક્તિ કે સરકારની નહી પરંતુ સમગ્ર સમાજની છે. આપણા ગુજરાતી સાહિત્યકારો અને સરકાર આ અંગે કાર્યક્રમો કરે છે. માતૃભાષાનું જતનનો પ્રયત્ન મારા પોતાનાથી થવો જોઈએ. હુંદરેક ગુજરાતી સંકલ્પ કરે કે મારા બાળકને હું અંગ્રેજી ભાષાનો મોહ રાખીશ નહિ. હું મારા બાળકને માતૃભાષામાં જ શિક્ષણ આપીશ. બાળકનો સાચો અને સારો વિકાસ માતૃભાષામાં જ થઇ શકે એ સમજીને અન્યને સમજાવીશ. ખાલી દેખાદેખી, મોટાઈ બતાવવા, પ્રતિષ્ઠા મેળવવા નિર્દોષ બાળકને તેનો ભોગ ન બનાવો. બાળકને ગમે તે કરવા દો. તેના કુમળા મગજમાં તમારા વિચારો ઠોકી ન બેસાડો. માતૃભાષાની અસ્મિતા તથા ગૌરવના જતન માટે આજના દિવસે આપણે સહુ સાથે મળીને પ્રયત્ન કરીએ તો જ આજનો આ દિવસ સાચા અર્થમાં ઉજવણી કરી ગણાશે.

## ઇન્દુલાલયાજ્ઞિક




મહાગુજરાત આંદોલનના સેનાની તથા ગુજરાતી આત્મકથાકાર અને નવલકથાકાર ઇન્દુલાલ કનૈયાલાલયાજ્ઞિક નો જન્મ તા. ૨૨/૨/૧૮૯૨ના દિવસે નડિયાદમાં થયો હતો. તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ નડિયાદમાં જ લીધુ. ઈ.સ. ૧૯૧૦માંપદાર્થવિજ્ઞાન-રસાયણશાસ્ત્ર વિષયો સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ. અને ઈ.સ.૧૯૧૨માંએલએલ.બી. થયા. ત્યારપછી ઈ.સ. ૧૯૧૩ થી ૧૯૧૫ સુધી વકીલાત કરી. આ સમય દરમ્યાન તેમણે હિંદુસ્તાન' દૈનિકમાં અગ્રલેખોલખવાની શરૂઆત કરી હતી. હિંદુસ્તાન' દૈનિકમાં અગ્રલેખોલખવાની શરૂઆત. તેમણે 'પામદત્ત', 'સમાજશાસ્ત્રી' જેવા ઉપનામોથી સાહિત્યસર્જન કર્યું. ઈ.સ. ૧૯૧૫માં વકીલાત છોડી સમાજસેવા અને દેશસેવામાં જીવન સમર્પિત કરવાનોનિર્ણયકર્યો. તેમણે 'નવજીવન અને સત્ય' , 'નૂતન ગુજરાત'ના તંત્રીપદે

gnanbhandar.com

પણ રહ્યા.ઈ.સ. ૧૯૨૨માં ‘યુગધર્મ’ની શરૂઆત કરી. ઈ.સ.૧૯૩૦ થી ૧૯૩૫ સુધી વિદેશમાં રહી ઈ.સ. ૧૯૩૬માં ભારત પાછા આવીવિવિધ રાજકીય આંદલનોમાં સક્રિય ભાગ લીધો. ઈ.સ. ૧૯૪૪માંનેનપુરમાં આશ્રમ ખોલી રચનાત્મક પ્રવૃત્તિઓ કરી. ઘણાં વર્ષ સુધી લોકસભાના સભ્ય તરીકે પણ ચૂંટાયા હતા. તા. ૧૭મી જુલાઈ ૧૯૭૨ના દિવસે અમદાવાદમાં અવસાન થયું. . ‘જીવનવિકાસ’ ‘ગુજરાતમાં નવજીવન’, ‘કારાવાસ’, ‘જીવનસંગ્રામ’, ‘કિસાનકથા’ અને (મરણોત્તર) ‘છેલ્લાં વહેણ’ વગેરે તેમની ‘આત્મકથા’ના છ ભાગ ગુજરાતીસાહિત્યને મહત્વનું પ્રદાન છે. આત્મકથાકાર તરીકે તેઓ ભાવનાશાળી, બુદ્ધિવાદી, પુરુષાર્થી, નિખાલસ, નીડર, સ્વમાની, અધીર ને તરવરિયા સ્વભાવવાળું વ્યક્તિત્વ નો પરિચય થાય છે‘આશા-નિરાશા’, ‘રણસંગ્રામ’, ‘શોભારામની સરદારી’, ‘વરઘોડો’, ‘અક્કલના દુશ્મન’, ‘ભોળાશેઠનું ભૂદાન’ વગેરેરાજકીય વિષયવાળાં ભાવનાલક્ષી અને પ્રચારલક્ષી નાટકો એમણે લખ્યાં છે; તો એમનીનવલકથા ‘માયા’ એક સ્ત્રીની મહાગુજરાતના રાજકીય આંદોલનની પૃષ્ઠભૂમાં આકારલેતી પ્રણયકથા છે.‘મહાત્મા ગાંધીજીના સહવાસમાં’, ‘સત્યાગ્રહ : નિષ્ફળ ને નકામું શસ્ત્ર’, ‘ચરોડા આશ્રમ’ એ ગાંધીજીનાસહવાસના ફળરૂપે રચાયેલા ગ્રંથોમાં ગાંધીજીનાં જીવન, સિદ્ધાંતો અને પ્રવૃત્તિઓનીટીકાત્મક દ્રષ્ટિએ થયેલી આલોચના છે.‘કુમારનાં સ્ત્રીરત્નો’ રેખાચિત્ર કે વાર્તાના પ્રકારમાં ન મૂકી શકાય એવાં અનુભવચિત્રોની માળાનું પુસ્તકછે. કુમાર નામના વકીલે પોતાના સંસ્કારઘડતરમાં ભાગ ભજવ્યો હોય તેવી છ સ્ત્રીઓનાંઅનુભવચિત્રો એમાં આલેખ્યાં છે. આ સર્વ ચિત્રોમાં સૂત્રરૂપે આવતા કુમારનું નોખુંવ્યક્તિત્વ પણ એમાં ઊપસે છે. ‘શહીદનો સંદેશ’ એમનો ચરિત્રગ્રંથ છે.

## આચાર્ય નરેન્દ્ર દવે



ભગવાન બુદ્ધ, કાર્લ માર્ક્સ અને મહાત્મા ગાંધીજીના જીવન દર્શનનો જેમના આચારમાં અને વિચારમાં અદ્દભૂત સંગમ હતો એવા આચાર્ય નરેન્દ્ર દવેનો જન્મ ૨૩ ફેબ્રુઆરી ૧૮૮૯ના રોજ અયોધ્યા પાસે આવેલા ફેઝાબાદમાં થયો હતો. સંસ્કૃત, પ્રાકૃત સાથે એમ.એ. થયા. અને લૉ ની પરીક્ષા પણ પાસ કરી. ફૈઝાબાદમાં વકીલાત શરૂ કરી.પરંતુ પંડિત જવાહરલાલ નેહરૂના આગ્રહથી કાશી વિદ્યાપીઠમાં આચાર્ય થયા. લખનૌ યુનિવર્સિટીના કુલપતિ તરીકે મળેલો બંગલો તેમણે નિરાશ્રિત વિદ્યાર્થીઓને રહેવા માટે આપી દીધો. પોતાના પગારમાંથી દર મહીને ૮૦૦ રૂપિયાની તેઓ શિષ્યવૃત્તિ આપતા. શિક્ષણમાંથી રાજકારણને કડક હાથે દૂર કર્યું. એમણે નિવૃત્તિ લીધી ત્યારે વિદ્યાર્થીઓએ તેમને પાછા બોલાવવા ભૂખ હડતાલ કરી છેલ્લે છેલ્લે દમનો રોગ થતાં ગાંધીજીએ જાતે તેમની સારવાર કરી હતી.

આચાર્ય નરેન્દ્ર દવે બૌદ્ધ ધર્મનો ઊંડો અભ્યાસ કરી તેમણે ‘ અભિધર્મકોષ’નું સંપાદન કર્યું.સમાજવાદનો તેમણે ખૂબ પ્રચાર કર્યો. અને તેઓ હિન્દી સમાજવાદના પિતા તરીકે ઓળખાયા હતા. રાજકીય આગેવાન, ચિંતક,નિસ્પૃહ દેશ સેવક, સ્પષ્ટ વિચારક, અસાધારણ વક્તા, મહાન કેળવણીકારઅને અનેક

ભાષાઓના આચાર્ય નરેન્દ્ર દવેનું અવસાન ૧૯૫૬માં થયું હતું.

## સ્ટીવ જોબ્સ



એપલના સહ સંસ્થાપક અને સીઈઓ અને ઈ-ફોનના શોધક સ્ટીવ જોબ્સનો જન્મ ૨૪ ફેબ્રુઆરી ૧૯૫૫ના રોજ સાનફ્રાંન્સિસકોમાં થયો હતો. અમેરિકી જ્હોની કેરલ સ્કીએબલ અને સિરિયન અબ્દુલત્તાહ જ્હોન જંદાલીનું એ સંતાન હતા. જંદાલી રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક હતા.જોબ્સના જન્મના સપ્તાહ બાદ જ તેની અપરિણીત માતાએ તેને દત્તક આપવાની તૈયારી કરી. એ પણ તેના પિતાની સાથે ગ્રેજ્યુએટ સ્કૂલમાં હતી. જોબ્સને પોલ અને ક્લેરા જોબ્સે દત્તક લીધો. તેઓ કેલીફોર્નિયાની સાન્તાક્લેરા કાઉન્ટીના માઉન્ટનવ્યૂ ખાતે રહેતા હતા. દત્તક માબાપે તેને સ્ટીવન પોલ જોબ્સ નામ આપ્યું. પાછળથી તેનાં અસલી (જૈવિક ) માબાપે લગ્ન કર્યા. અને જોબ્સની બહેનને જન્મ આપ્યો.એ મશહૂર નવલકથાકાર મોના સિમ્પસન હતી. જો કે તેને જોબ્સ તેઓ પુખ્તવયના થયા ત્યારે મળ્યા હતા.સ્ટીવ એપ્રિકોટ ઓર્કેડસમાં ઊછર્યો એને પાછળથી સીલીકોનવેલી તરીકે ઓળખવામાં આવ્યું.

સ્ટીવ જોબ્સ અત્યારે ડિઝનીલેન્ડનો સૌથી મોટો શેરધારક છે અને એના કારણે જ ડિઝનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સનો સભ્ય પણ છે. સ્ટીવે આઈ-ફોનની શોધ કરી હતી. તેને કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ જ લેખે છે. આઈ-ફોનમાં ત્રણ પ્રોડક્ટનો સમાવેશ છે. ક્રાંતિકારી મોબાઈલ ફોન,ટચ કંટ્રોલ સાથે વાઈડસ્કીન આઈપોડ. ઈ.સ૧૯૭૦ના દાયકામાં એપલના સહ સંસ્થાપક તિવ વોન્ઝાએક સાથે મળીને પર્સનલ કોમ્પ્યુટરના વિચારને લોકપ્રિય બનાવવામાં મદદ કરી. ઈ.સ ૧૯૮૦ના દાયકામાં એપલમાં જ તેને માઉસ સંચાલિત જીયુઆઈની વેપારીક્ષમતા અજમાવી જોઈ.ઈ.સ.૧૯૮૫મ એપલના સંચાલકમંડળે તેને હડસેલ્યો એ પછી જોબ્સે ' નેકટ' નામની કોમ્પ્યુટર પ્લેટફાર્મ ડેવલપમેન્ટ કંપની સ્થાપી.એને ઉચ્ચ શિક્ષણ અને બિઝનેસમાર્કેટમાં સ્પેશિયલાઇઝેશન કેળવ્યું. ઈ.સી ૧૯૯૭માં 'નેકટ' કંપનીને એપલેખરીદી લીધા પછી જોબ્સ ફરીથી પોતે જ સ્થાપેલી કંપનીમાં પાછો ફર્યો અને સીઈઓ તરીકે કાર્યરત છે.


## ચાંપશીભાઈ ઉદેશી



'નવચેતન' સામયિકના આદ્યસ્થાપક અને ' ચંદ્રાપીડ' ઉપનામ ધરાવતા ચાંપશીભાઈ વિઠ્ઠલદાસ ઉદેશીનો જન્મ ટંકારામાં થયો હતો. મૂળ વતન તેમનું ગોંડલ હતું. મેટ્રીકની પરીક્ષામાં નાપાસ થવા છતાં સર્જનનો પણ જવર હોય તેમ સાહિત્યિક સામયિક પ્રગટ કરવાનો આતશ સદા જલતો હતો. આખરે ઈ.સ.૧૯૨૨માં કલકત્તાથી તેમણે ' નવચેતન' માસિકની શરૂઆત કરી હતી. આર્થિક વિટંબણા વચ્ચે દેવું કરીને તેમણે સામયિકની શરૂઆત કરી હતી. સામયિક શરૂ કરતી વખતે પ્રતિજ્ઞા લીધી કે જીવીશ ત્યાં સુધી ' નવચેતન' ચલાવીશ. એકવાર ગંભીર આર્થિક કટોકટીના પ્રસંગે માસિક બંધ થાય તેવા સંજોગોમાં ઉભા થતાં તેમણે પોતાની પ્રતિજ્ઞા પાળવા આપઘાત કરવાનો વિચાર કર્યો પણ ઈશ્વરકૃપાથી તેમની સાથે ' નવચેતન'ની ઘાટ ટળી ગઈ. ત્રણ દાયકા સુધી કલકતામાંથી પ્રગટ કરીને ૧૯૪૨માં કોમી રમખાણને લીધે ' નવચેતન' સાથે વડોદરામાં સ્થળાંતાર કર્યું. ચાંપશીભાઈ ઉદેશી ઉપરાંત નાટક,ફિલ્મ અને ક્રિકેટનો જબરો શોખ હતો. યુવાનીમાં એમને રંગભૂમિ પર અનેક ભૂમિકાઓ કરી અને નાટક પણ તેમણે લખેલું.એમની બે કથાઓ પરથી ફિલ્મ

બની છે. તેમણે ' ગરીબના આંસુ',' ઘેલી ગુણિયલ' અને ' ન્યાયના વેર' વગેરે સફળ નાટકો આપ્યા છે.


## રવિશંકર મહારાજ



ગુજરાતના મૂકસેવક અને સમાજસુધારક શ્રી રવિશંકર મહારાજનો જન્મ વિ.સં. ૧૯૪૦ની મહા વદ ચૌદશને તા. ૨૫/૨/૧૮૮૪ના દિવસે ખેડા જિલ્લાનાં રઢુ ગામમાંબ્રાહ્મણ પરિવારમાં થયો હતો. પિતાનું નામ શિવરામભાઈ અને માતાનું નામ નાથીબા હતું. તેમના પિતા શિક્ષક હતા તેથી સાદી અને સંયમના ગુણો વારસામાં મળ્યા હતા. તેમણે માત્ર ધોરણ છ સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓ આજીવન સમાજસેવામાં પોતાનું જીવન સમર્પિત કર્યું. તેઓ સાચા સંત, મુઠ્ઠી ઉંચેરા માનવી, કરોડપતિ ભિખારી અને મૂક સેવક જેવા હુલામણા નામથી ઓળખાયા હતા. તેમણે ભૂદાન અને સર્વોદય યોજનામાં પાયાની કામગીરી કરી. તેમણે મહીકાંઠાની ગુનેગાર ગણાતી પાટણવાડિયા, બારીયા કોમ અને બહારવટિયાઓને સુધારવાનું કામ જાનના જોખમે કર્યું હતું. દુષ્કાળ, જળસંકટ, અતિવૃષ્ટિ, વાવાઝોડું, મહામારી કે પછી કોમી રમખાણો, નેત્ર-દંતયજ્ઞ , જેવા કોઈપણ પ્રસંગે કર્મમય બનીને સમાજ સેવા કરતાં હતા.

ઘસાઈને ઉજળા થઈએ' એ તેમનો જીવનમંત્ર હતો. અને તે સાચા આચરણથી ચરિતાર્થ કરી બતાવ્યો. સ્વાની નિત્યાનંદ , મોહનલાલ પંડ્યા અને ગાંધીજીએ તેમના જીવનને નવી રાહ ચીંધી. ઈ.સ. પહેલી મે ૧૯૬૦નાં દિવસે ગુજરાત રાજ્યની સ્થાપના દિવસે ગુજરાત રાજ્યનું તેમના કરકમલથી ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ઈ.સ.૧૯૫૫ થી ૧૯૫૮ દરમ્યાન ત્રણ વર્ષ ભૂદાન માટે ૬૦૦૦ કિલોમીટરનો પદ યાત્રા પ્રવાસ કર્યો હતો. સેવાના અખંડ ભેખધારી મહાપુરૂષને સ્વામી આનંદે' મુઠ્ઠી ઉંચેરા માનવી' તરીકે ઓળખાવ્યા છે. માનવી માત્રને કોઈપણ પ્રકારનાં ભેદભાવ વગર એકસરખું વ્હાલ કરનાર તેઓ સૌના દાદા હતા. કોઈ પ્રત્યે દ્વેષ નહી,તિરસ્કાર નહી,ધિક્કાર નહિ, માણસ માત્રની નબળાઈને હસી કાઢનાર લોકોની વાણી બોલતા હતા. ત્યાગ,તાપ, સેવા અને નિર્ભયતાની મૂર્તિ પરમ પૂજ્ય રવિશંકર મહારાજનું પહેલી જુલાઈ ૧૯૮૪ના રોજ બોરસદમાં અવસાન થયું.વિકસિત જાતિ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ઠ યોગદાન કરનાર વ્યક્તિને એક લાખનો રવિશંકર મહારાજ એવોર્ડ આપવામાં આવે છે.


## બચુભાઈરાવત



ગુજરાતના કલાવિવેચક બચુભાઈ પોપટભાઈરાવતનો જન્મતા. ૨૭/૨/૧૮૯૮ના રોજ અમદાવાદમાં. તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ગોંડલમાં લીધું . ઈ.સ.૧૯૧૫થી ૧૯૧૯ સુધી સંગ્રામજી હાઈસ્કૂલ, ગોંડલમાં શિક્ષક તરીકે જોડાયા.ઈ.સ.૧૯૨૦-૨૧માં સસ્તું સાહિત્યવર્ધકકાર્યાલય અને ઈ.સ.૧૯૨૨-૨૩માં નવજીવન પ્રકાશન મંદિરમાં સંપાદન-પ્રકાશન સહાયક તરીકે કામગીરી કરી હતી. ઈ.સ.૧૯૨૪ થી ૧૯૪૨ સુધી રવિશંકર રાવળ સાથે 'કુમાર'ના સહતંત્રીપદે રહ્યા.તેમણે ઈ.સ. ૧૯૩૦માં બુધસભાનીસ્થાપના કરી.ઈ.સ.૧૯૪૩ થી ૧૯૮૦ સુધી 'કુમાર'ના તંત્રી તરીકે પંસદગી થઇ.ઈ.સ.૧૯૫૩માં મુંબઈ રાજ્ય લિપિ સુધારણાસમિતિમાં કામગીરી

કરી.ઈ.સ.૧૯૫૪માં જૂના મુંબઈ રાજ્યની વિધાનસભામાં ગવર્નર તરફથી છ વર્ષમાટે નિમણૂક થઇ. પહેલી ગુજરાતી મુદ્રક પરિષદના પ્રમુખ બન્યા.ઈ.સ. ૧૯૬૫માં સુરતમાં મળેલા ગુજરાતીસાહિત્ય પરિષદના તેવીસમા અધિવેશનમાં પત્રકાર વિભાગના પ્રમુખ તરીકે નિમણૂક થઇ. ઈ.સ. ૧૯૪૮માં પત્રકારત્વ ક્ષેત્રે સેવા બદલ રણજિતરામસુવર્ણચંદ્રક એનાયત થયો અને ઈ.સ.૧૯૭૫માં પદ્મશ્રીનો ખિતાબ પણ એનાયત થયો હતો.સક્રિય સાહિત્યિક સંપાદન અનેપત્રકારત્વ દ્વારા ગાંધીયુગની સાહિત્યરુચિને સંસ્કારવામાં એમનું મૂલ્યવાન પ્રદાનછે. 'ગુજરાતી ગ્રંથસ્થ ચિત્રકલા'માં કલાવિષયક લેખો અને કલાવિવેચન છે. ઉપરાંત એમણે 'ગુજરાતી લિપિના નવા પરોઢનું નિર્માણ' પુસ્તક પણ આપ્યું છે. 'ટૂંકી વાર્તાઓ' માં એમણે હિન્દીમાંથી ટૂંકીવાર્તાઓના કરેલા અનુવાદો સંચિત છે. ૧૨મી જુલાઈ ૧૯૮૦ના દિવસે તેમનું અવસાન થયું.

## ૨૮ ફેબ્રુઆરી - રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ




ભારતના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ.સી.વી.રામને " રામન પ્રભાવ " એટલે કે રામન ઈફેક્ટની શોધ તા. ૨૮ ફેબ્રુઆરી ૧૯૨૮ના રોજ કરી હતી અને પરિણામો મેળવ્યા હતા. આ તેમણે ઈ.સ. ૧૯૩૦માં નોબલ પારિતોષિક એનાયત થયું. ભારતમાં સૌપ્રથમ વિજ્ઞાનક્ષેત્રે ૧૯૬૪માં નોબલ પારિતોષિક મેળવનાર પ્રથમ વિજ્ઞાની હતા. ડૉ.સી.વી. રામનનું જીવન સાદગીપૂર્ણ અને સરળ હતું. સર સી.વી.રામને શોધી કાઢ્યું કે પ્રકાશનું કિરણ સાત રંગનું બનેલું છે. આ સંશોધનને એમણે ' રામન પ્રભાવ' નામ આપ્યું. તેમના કહેવાનુસાર " પ્રકાશના કિરણોનું નિયમિત પરાવર્તન થઈ તો પ્રકાશની તરંગલંબાઈમાં ફેરફાર થતો નથી. પરંતુ જો એનું અનિયમિત પરાવર્તન થાય તો પ્રકાશની તરંગલંબાઈમાં ફેરફાર માલૂમ પડે છે."નો શોધ માટે તેમણે બનાવેલ સાધનનો ખર્ચ માત્ર રૂપિયા ૨૦૦/- થયો હતો. પરંતુ તેના દ્વારા વિજ્ઞાનની એક નવી દિશા ખુલી. આ રમણ પ્રભાવનો ઉપયોગ વિવિધ પદાર્થોના આતરિક બંધારણ જાણવામાં થાય છે. સમગ્ર વિશ્વમાં આ શોધ દ્વારા ગૌરવ પ્રાપ્ત થયું હતું. અને તેની જાહેરાત સૌપ્રથમ ૨૮ ફેબ્રુઆરી ૧૯૨૮નાં રોજ થઇ હતી. તેથી આ શોધને દેશમાં ઈ.સ. ૧૯૮૬થી પ્રતિ વર્ષ ૨૮ ફેબ્રુઆરી " રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ઉજવવામાં આવે છે. છે. સાથોસાથ આ દિવસ સમગ્ર સમાજમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અભિગમ કેળવાય તેમ જ અંધશ્રદ્ધા દૂર કરવા જાગૃતિ માટેની દિવસ છે.

ડૉ.સી.વી..રામનને બાળકો પ્રત્યે ખૂબ જ લગાવ અને પ્રેમ હતો. તેઓ વૈજ્ઞાનિક હોવા છતાં જ્યારે જ્યારે સમય મળતો ત્યારે વિદ્યાર્થીઓને મળવા સ્કૂલમાં પહોંચી જતા અને વિજ્ઞાનની વાતો કરતા હતા. તેઓ મોટા સેમિનારોમાં જવા કરતાં શાળામાં જવાનું વધારે પસંદ કરતા હતા. પ્રાથમિક શાળાથી જ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ તેમ જ અભિગમ કેળવાય તે જરૂરી છે. તેમની લાગણીને કારણે ૨૮ ફેબ્રુઆરી સમગ્ર દેશમાં ' રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે દરેક શાળામાં વિજ્ઞાનના વિષયનેઅનુલક્ષીને સેમિનાર, પ્રદર્શન, વિજ્ઞાન વિષયક વિવિધ સ્પર્ધાઓ, વકતૃત્વ સ્પર્ધા, વિજ્ઞાનના મ્યુઝીયમમાં જઈ વિજ્ઞાનની કૃતિઓનો અભ્યાસ તેમ જ શાળામાં વિજ્ઞાન વર્તુળ અથવા વિજ્ઞાન ક્લબ બનાવવાનું આયોજન કરી વિજ્ઞાનને લગતી પ્રવૃતિઓ કરવામાં આવે છે. આ રીતે 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવી જોઈએ

જેથી અંધ શ્રધ્ધા સમાજમાં નાબૂદ થાય એ જ આપણી આપણા દેશના મહાન વૈજ્ઞાનિકને સાચી શ્રધ્ધાંજલિ હોઈ શકે.

## મોરારજીભાઈ દેસાઈ



ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન તથા ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે રહી ચુકેલા મોરારજીભાઈ દેસાઈનો જન્મ તા. ૨૯/૨/૧૮૯૬ના રોજ વલસાડ જીલ્લાના ભદેલી ગામમાં થયો હતો. પિતાનું નામ રણછોડભાઈ દેસાઈ અને માતાનું નામ મણીબેન હતું. મોરારજીભાઈ દેસાઈ પ્રાથમિક શિક્ષણ ભદેલી અને ત્યારપછી ભાવનગર, વલસાડ જેવા સ્થળોએ લીધું હતું. પંદરમાં વર્ષે એમનું લગ્ન ગજરાબેન સાથે થયા હતા. તેમણે ફીઝીક્સ અને કેમિસ્ટ્રી વિષય સાથે બી.એ.પ્રથમ નંબરે પાસ થયા. ત્યારપછી ફીઝીક્સ અને મેથેમેટિક્સ વિષય સાથે બી.એસ.સી.થયા. માત્ર ૨૨ વર્ષની વયે પ્રોવિન્શિયલસિવિલ સર્વિસમાં નોકરી મળી. તેઓ ઈ.સ. ૧૯૩૭માં સુરત જીલ્લાના વિસ્તારમાં મુંબઈ ઈલાકાની ધારાસભામાં ચૂંટાયા. મહેસુલ ખાતાના પ્રધાન તરીકે મહત્વની કામગીરી બજાવી હતી. ગુજરાતમાં કે દિલ્લીમાં જ્યાં તેઓ સત્તા પર હતા ત્યાં લોકશાહી ઢબે ચાલતી રાજકીય ટોળાશાહીને તેમણે જરાય મચક ન આપી. પોતાની સમર્થ વહીવટ તાકાત, રાજનીતિ પૂર્ણ બુદ્ધિ, અણનમ ન્યાય શિસ્તનાં આગ્રહી, ગાંધી પ્રત્યે શ્રધ્ધા, ભક્તિ, વિશ્વાસ અને નિષ્ઠાથી જીવ્યા. પ્રમાણિકતા, કડક, સદી અને મકકમ વહીવટથી આદર્શ માનવ અને રાજપુરૂષ તરીકે ગુજરાત અને ભારતના ગૌરવ બની ગયા. ઈ.સ. ૧૯૫૭માં કેન્દ્રના વેપાર ઉદ્યોગના પ્રધાન તથા ઈ.સ. ૧૯૫૮માં નાણાંપ્રધાન તરીકે સેવા આપી હતી. તેઓ ઈ.સ. ૧૯૭૭ થી ૧૯૭૯માં ભારતના અને ગુજરાતના સર્વપ્રથમ વ્યકિત વડાપ્રધાન બન્યા.

મોરારજીભાઈ દેસાઈ સારા લેખક પણ હતા. તેમણે મહાભારત અને ભગવદગીતાના ત્રણ ભાગો લખ્યા હતા. તેઓ શુદ્ધ શાકાહારી, ઉપચાર અને શિવામ્બુ ચિકિત્સામાં માનતા હતા. ભારતના સૌથી આદર નેતા તરીકે પ્રજા તેમનો આદર કરતી હતી. ઈ.સ. ૧૯૯૧માં ભારતનું સર્વોચ્ચ પારિતોષિક ' ભારત રત્ન' એનાયત કરવામાં આવ્યો હતો. આ પહેલા પાકિસ્તાને ' નિશાને પાકિસ્તાન' એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા. સંયુક્ત હિન્દુસ્તાનમાં આ બંને વિભાજીત દેશોના સર્વોચ્ચ સન્માન પ્રાપ્ત કરનાર એક માત્ર વ્યક્તિ હતા.

gnanbhandar.com